૧

# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૩ * અંક-૪ * ડિસેમ્બર, ૨૦૧૮



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● મિથ્યાદૃષ્ટિ જીવ તરવાર, વિજળી, ભયંકર દાવાનળ, વાઘ, ગ્રહ તથા કાળા સર્પ સમાન છે, તે દુર્ગતિમાર્ગને જ ભલો સમજે છે. હે સાધુ ! તેને સ્થાન-નિવાસ આપીશ નહિ. મિથ્યાદૃષ્ટિ જીવ તરવાર વિગેરેની જેમ આત્માનો નાશ કરે છે. ૧૭૦૬. (શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, પંચાચાર અધિકાર, ગાથા-૨૫૦)

● હે પ્રાણી ! તું નિરર્થક પ્રમાદદશાને પ્રાપ્ત ન થા ! અનન્ય સુખના હેતુભૂત સમભાવને પ્રાપ્ત થા ! તને એ ધનાદિથી શું પ્રયોજન છે ? એ ધનાદિ આશારૂપ અગ્નિને પ્રજ્વલિત કરવાં ઇંધનની ગરજ સારે છે, નિરંતર પાપકર્મ ઉત્પન્ન કરાવવાવાળા આ સંબંધીજનોથી પણ તને શા માટે મમત્વ રહ્યાં કરે છે ? મહા મોહરૂપ સર્પના બિલ સમાન તારો આ દેહ, તેથી પણ તને શું પ્રયોજન છે ? નિરર્થક પ્રમાદી થઈ રાગાદિ મહાદુ:ખરૂપ ભાવોને ન ધરતાં સુખના અર્થે કેવલ એક સમભાવને જ પ્રાપ્ત થા. ૧૭૦૮. (શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૬૧)

● સ્થિતિકરણ અંગની જેમ વાત્સલ્ય અંગ પણ સ્વ અને પરના ભેદથી બે પ્રકારનું છે. પરિષહ-ઉપસર્ગાદિ દ્વારા પીડિત થવાં છતાં પણ કોઈ શુભ આચરણમાં, જ્ઞાન અને ધ્યાનમાં શિથિલતા ન આવવા દેવી તે સ્વાત્મસંબંધી વાત્સલ્ય છે અને સંયમીઓ ઉપર ઘોર પરિષહ ઉપસર્ગાદિક આવી પડતાં તેમની બાધા દૂર કરવાનો ભાવ થવો તે પરવાત્સલ્ય છે. ૧૭૦૯.

(શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક-૧૭ના ભાવાર્થમાંથી)

● સમ્યગ્દૃષ્ટિના પરિણામ ઘણાં જ લૂખા છે, તેથી ભોગ એવો લાગે છે કે જાણે કોઈ રોગનો ઉપસર્ગ થતો હોય, તેથી કર્મનો બંધ નથી, એમ જ છે. જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ પાંચ ઇન્દ્રિયોના વિષયના સુખને ભોગવે છે તેઓ પરિણામોથી ચીકણા છે. મિથ્યાત્વભાવના એવા જ પરિણામ છે. ૧૭૧૦.

(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧૩૭)

● જેવી રીતે કર્મ આત્માનું સ્વરૂપ નથી તેવી જ રીતે તેના કાર્યભૂત વિકલ્પોનો સમૂહ પણ આત્માનું સ્વરૂપ નથી. તેથી તેમનામાં આત્મબુદ્ધિ અર્થાત્ મમત્વબુદ્ધિથી રહિત થયેલ મુમુક્ષુ જીવ સુખી થાય છે. ૧૭૧૧.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી, પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, શ્લોક-૨૯)

વર્ષ–૧૩
અંક–૪




વિ. સંવત
૨૦૭૫
December
A.D. 2018



## શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




### હે મોહિતમતિ ! નિત્ય ઉપયોગલક્ષણ જીવદ્રવ્યમાં મારાપણું સ્થાપ.

જેમ હાથી આદિ પશુઓ સુંદર આહાર અને તૃણ સાથે ખાય છે તેમ અજ્ઞાની જીવ આઠ કર્મોના બંધનની ઉપાધિના અતિ નિકટપણાથી થતાં પુણ્ય-પાપાદિ વિકારરૂપ અસ્વભાવભાવ 'તે જ હું છું' એવી ભ્રમણાને લીધે સુંદર જ્ઞાયકભાવને અસુંદર રાગાદિ સહિત અનુભવે છે. સર્વજ્ઞ પરમાત્મા કહે છે કે ભાઈ! નિત્ય ઉપયોગલક્ષણ જીવ અચેતનલક્ષણ રાગાદિ કે પુદ્ગલાદિરૂપે કેમ થાય? કે જેથી તું રાગાદિને તથા પુદ્ગલદ્રવ્યને 'આ મારું છે' એમ માને છે. પ્રકાશ ને અંધકારની જેમ ચેતન ને અચેતન એવા રાગ તથા પુદ્ગલદ્રવ્ય કદી એકરૂપ થઈ શકે જ નહીં. તેથી તું સર્વ પ્રકારે પ્રસન્ન થા, સાવધાન થા ને સ્વદ્રવ્ય તે જ હું છું એમ અનુભવ કર.

હવે અપ્રતિબુદ્ધને આત્મજાગૃતિ અર્થે આચાર્યદેવ કરુણાપૂર્વક સમજાવે છે કે :

અજ્ઞાનથી મોહિતમતિ બહુભાવસંયુત જીવ જે,
"આ બદ્ધ તેમ અબદ્ધ પુદ્ગલદ્રવ્ય મારું" તે કહે. ૨૩.

સર્વજ્ઞજ્ઞાનવિષે સદા ઉપયોગલક્ષણ જીવ જે,
તે કેમ પુદ્ગલ થઈ શકે કે 'મારું આ' તું કહે અરે! ૨૪.

દૃશ્યમાન આ જડ બધાં, ચેતન છે નહિ દૃષ્ટ;
રોષ કરું ક્યાં? તોષ ક્યાં? ધરું ભાવ મધ્યસ્થ. ૪૬. –શ્રી સમાધિતંત્ર

જો જીવ પુદ્ગલ થાય, પામે પુદ્ગલો જીવત્વને,
તું તો જ એમ કહી શકે "આ મારું પુદ્ગલદ્રવ્ય છે" ૨૫.

**આ પુદ્ગલદ્રવ્ય મારું છે એમ અજ્ઞાની કેમ માને છે ?**

ચૈતન્ય ભગવાન સ્ફટિકની જેમ નિર્મળ સ્વભાવી છે, પુણ્ય-પાપના મલિનભાવો અસ્વભાવભાવ છે, તેઓ ઉપયોગમાં જણાય છે પણ તે જણાતાં અજ્ઞાની જીવ 'તે જ હું છું' એમ માને છે. વિકલ્પો બધાય અસ્વભાવભાવ છે, અચેતન છે, તેઓ ઉપયોગમાં જણાતા અજ્ઞાની તે જ હું છું એમ માની લે છે. તેથી આચાર્યદેવ કહે છે કે જ્ઞાનસ્વરૂપ આત્મા ઉપયોગસ્વભાવે છે તે અસ્વભાવભાવ એવા દયા-દાનાદિના વિકલ્પપણે કેમ થાય ?

પરંતુ અજ્ઞાની જીવની દૃષ્ટિ માત્ર અસ્વભાવભાવ પર હોવાથી અજ્ઞાની તે રૂપે જ પોતાને જાણે છે, બધાય વિકલ્પો ચૈતન્યસ્વભાવથી ભિન્ન છે, છતાં જેમ સ્ફટિકમાં લાલ વસ્તુના નિમિત્તે સફેદ સ્વભાવ ઢંકાઈ ગયો છે તેમ કર્મના અતિ નિકટપણાને વશે થયેલા અસ્વભાવભાવથી જેનો ચૈતન્ય જ્ઞાયકસ્વભાવ ઢંકાઈ ગયો છે એવો અજ્ઞાની જીવ અસ્વભાવભાવરૂપ જ પોતાને માને છે.

વસ્તુ પોતે સ્વતઃશુદ્ધ સ્વભાવી ચીજ છે પણ તેને એકીસાથે આઠ કર્મના બંધનના ઉપાધિના કારણે અતિ નિકટપણાથી વેગપૂર્વક વહેતા અસ્વભાવભાવોના સંયોગવશે અજ્ઞાની જીવ વિમોહિત વર્તે છે. તેથી જાણે જ્ઞાયકભાવ છે જ નહીં ને પુણ્ય-પાપના ભાવ તે જ હું છું એમ અજ્ઞાનીને જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે. એ રીતે અજ્ઞાનીની ભેદજ્ઞાન જ્યોતિ અસ્ત થઈ ગઈ છે. અનાદિ અનંત જ્ઞાયકભાવ-ધ્રુવસ્વભાવભાવને રાગભાવ તે બેના ભેદજ્ઞાનરૂપી જ્યોતિ અસ્ત થઈ ગઈ છે એવો અજ્ઞાની જીવ અસ્વભાવભાવને જ પોતાના રૂપે માને છે.

વીતરાગ સ્વભાવ આત્માને કર્મના નિકટપણાથી થતાં પુણ્ય-પાપભાવથી-અસ્વભાવભાવથી અજ્ઞાનીને જ્ઞાયકસ્વભાવ તિરોભૂત થયો છે ને અત્યંત તિરોભૂત પોતાના સ્વભાવપણાથી અનાદિથી ભેદજ્ઞાનરૂપ જ્યોતિ અસ્ત થઈ છે. રાગની એકતાબુદ્ધિને લીધે, સ્વભાવભાવના અસ્વીકારને લીધે, ને અસ્વભાવભાવના સ્વીકારને લીધે ચેતન ને અચેતનનો ભેદ પાડવાની શક્તિ અજ્ઞાનીને હણાઈ ગઈ છે, તેથી પુદ્ગલદ્રવ્યને 'આ મારું છે' એમ અનુભવે છે.

મૂઢ બહિર્ ત્યાગે-ગ્રહે, જ્ઞાની અંતરમાંય;
નિષ્ઠિતાત્મને ગ્રહણ કે ત્યાગ ન અંતર્બાહ્ય. ૪૭. –શ્રી સમાધિતંત્ર

અંદરમાં ઉપયોગને ને રાગને ભિન્ન પાડવાના છે. જાણન... જાણન સ્વરૂપ ચૈતન્યકંદ ને પુણ્ય-પાપના અસ્વભાવભાવ તેને ભિન્ન પાડવાને બદલે અજ્ઞાની રાગાદિ અસ્વભાવને જ પોતાના માને છે. સ્વભાવભાવની દૃષ્ટિ થઈ નથી તેથી અસ્વભાવ-ભાવપણાને જ પોતાના કરતો થકો પુદ્‌ગલદ્રવ્યને 'આ મારું છે' એમ અનુભવે છે.

જે ચૈતન્ય ભગવાનનો અનુભવ કરવાને બદલે રાગની ઉત્પત્તિનો ભાવ મારો છે એમ અસ્વભાવભાવની જ એકતા કરે છે તે પુદ્‌ગલદ્રવ્યને જ 'આ મારું છે' એમ અનુભવે છે.

ચૈતન્ય ભગવાનને જોવા હોય તો આ ગુણસ્થાન-માર્ગણાસ્થાન આદિ ચિત્રામણને ન જો. તારા આત્માના આનંદ પાસે દુનિયા આખી ભૂલાઈ જાય એવું તારું સ્વરૂપ છે, તેને જો.

ખરેખર તો બીજાને મારવાના ભાવમાં સામાને દુઃખ થશે એમ જાણવા સંબંધીના પોતાના જ્ઞાનનો જ એ ઘાત કરે છે, બીજાને દુઃખ થાય છે એ મારે જોવું નથી એ જાતનો જ્ઞાનનો પ્રકાશ મને ન રહો એનું નામ હિંસા છે. જ્ઞાન પ્રકાશ મારે નથી રાખવો અને અંધારું કરી નાખવું છે એવા ભાવમાં પોતાના જ્ઞાનની હિંસા થાય છે એ જ પાપ છે.

ભગવાને ઉપદેશ આપ્યો પણ શાસનનું શું થયું કે કોને લાભ થયો તે જોવા ભગવાન રોકાતા નથી. તેમ સમ્યગ્દૃષ્ટિને પણ વિકલ્પ ઉઠ્યોને વાણી નીકળી પણ કોને લાભ થયો, કેટલો લાભ થયો તે જોતા નથી, પોતાના આત્મામાં જોવે છે.

આંખ છે તે પાણીને ગરમ કરે ? રેતીને ઉપાડીને લાવે ? ના. બસ માત્ર એ બધાને થાય તેમ જાણે જ છે. એમ આત્મા પણ ઉદયને, નિર્જરાને, બંધને, મોક્ષને થાય તેમ જાણે જ છે. અહાહા ! અકર્તાપણું સિદ્ધ કરવા આંખના દ્રષ્ટાંતથી કેવો ન્યાય સિદ્ધ કર્યો છે.

પ્રશ્ન : શુદ્ધ પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી એ જાણવાથી ફાયદો શો ?

ઉત્તર : પર્યાયનું લક્ષ છૂટી દ્રવ્ય ઉપર દૃષ્ટિનું જોર જાય છે. વસ્તુને યથાર્થ જાણવાથી દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે અને તેથી પ્રયોજનની સિદ્ધિ થાય છે, એ ફાયદો છે.

સંસારી જીવોને સાંસારિક ગુણો હોય છે અને સિદ્ધ જીવોને નિજ પરમ ગુણો હોય છે, આમ વ્યવહારનયથી છે, નિશ્ચયનયથી તો ત્રિકાળ આત્મામાં સિદ્ધ પણ નથી અને સંસાર પણ નથી, આવો બુદ્ધપુરુષોનો નિર્ણય છે. જ્ઞાનીઓનો એવો નિર્ણય છે કે

જોડે મન સહ આત્મને, વચ-તનથી કરી મુક્ત,
વચ-તનકૃત વ્યવહારને છોડે મનથી સુજ્ઞ. ૪૮.　　　–શ્રી સમાધિતંત્ર

આત્મામાં સંસારી પર્યાય તો નથી પણ મોક્ષની પર્યાય પણ નથી એટલે કે-સંસાર અને મોક્ષ એ બંને પર્યાય છે. તે પર્યાયો આત્માનું ત્રિકાળી સ્વરૂપ નહીં હોવાથી જ્ઞાનીને એ પર્યાયોનું લક્ષ છૂટી ગયું છે. જ્ઞાયકભાવની દૃષ્ટિના જોરમાં જ્ઞાનીને સંસારની રાગ-દ્વેષમય પર્યાયો તો ધ્રુવસ્વરૂપમાં દેખાતી નથી, પણ કેવળજ્ઞાન અને સિદ્ધપર્યાય પણ ધ્રુવવસ્તુમાં દેખાતી નથી. પર્યાય ઉપરનું લક્ષ અને જોર છૂટી ગયું છે, એકરૂપ જ્ઞાયકભાવમાં દૃષ્ટિનું જોર વર્તે છે. શરીર-કર્મ આદિ બાહ્યવસ્તુ તો ક્યાંય દૂર રહી ગઈ, પરંતુ ધ્રુવવસ્તુની દૃષ્ટિના જોરમાં ધ્રુવવસ્તુમાં કેવળજ્ઞાન અને સિદ્ધપર્યાયો પણ દેખાતી નથી. તેથી તેને વ્યવહારનયનો વિષય કહ્યો છે. અહીં તો ત્રણલોકના નાથને, સંસાર તો નથી પણ મોક્ષ પણ નથી. અદ્‌ભુત વાત છે ને !

યોગસારમાં કહે છે કે હે યોગી ! પરમાર્થે જીવ ઊપજતો નથી અને પરમાર્થે જીવ મરતો પણ નથી તથા બંધ-મોક્ષને કરતો પણ નથી, એમ તીર્થંકર પરમાત્માએ ગણધરદેવોને કહ્યું હતું. આવી વસ્તુસ્વભાવની દૃષ્ટિમાં જ પુરુષાર્થની શરૂઆત થાય છે.

પ્રશ્ન : કારણશુદ્ધપર્યાય લક્ષમાં ન આવી હોય અને કારણશુદ્ધ સ્વભાવ ઉપર લક્ષ કરવાથી સમ્યગ્દર્શન થઈ શકે ?

ઉત્તર : હા, કારણપરમાત્માનું લક્ષ કરતાં કારણશુદ્ધપર્યાય અંદરમાં આવી જાય છે. તિર્યંચને તો આવું જ્ઞાન હોતું નથી તોપણ આનંદસ્વરૂપમાં એકાગ્ર થતાં કારણસ્વભાવનો આશ્રય આવી જાય છે, તિર્યંચને તો વિપરીત શલ્યો હોતા નથી એટલે અવિપરીત વિશેષ જ્ઞાનની જરૂર પણ હોતી નથી.

પર્યાયદૃષ્ટિવાળો જીવ દયા-દાન, પૂજા-ભક્તિ, યાત્રા, પ્રભાવના આદિ અનેક પ્રકારના શુભભાવોનો કર્તા થઈ, બીજા કરતાં પોતે કાંઈક અધિક છે એવો અહંકાર કરતો થકો મિથ્યાત્વભાવને દૃઢ કરે છે અને નિશ્ચયસ્વરૂપ મોક્ષમાર્ગને લેશમાત્ર પણ જાણતો નથી.

નિયમસારમાં ટીકાકાર મુનિરાજે સર્વજ્ઞ અને મુનિમાં જરાક ફેર છે તેનું પહેલા જ્ઞાન કરાવ્યું અને પછી કહેછે કે અરે ! સર્વજ્ઞ અને મુનિમાં જે ફેર માને છે તે જડમતિ છે. સર્વજ્ઞ તે મોક્ષતત્ત્વ છે અને મોક્ષને સાધનાર મુનિને પણ પ્રવચનસારમાં મોક્ષતત્ત્વ કહ્યું છે.

(ક્રમશઃ)

**દેહાતમધી જગતમાં કરે રતિ વિશ્વાસ;**
**નિજમાં આતમદૃષ્ટિને ક્યમ રતિ? ક્યમ વિશ્વાસ? ૪૯.** –શ્રી સમાધિતંત્ર



# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૯-૫-૪૪, મંગળવાર) વ્યાખ્યાન નં. ૧૯
(ગાથા ૧૯)

બે નયોમાંથી એકનો જ ઉપદેશ કરે તો તે યથાર્થ નથી. પર્યાય ઉપરનું વલણ છોડાવીને દ્રવ્ય ઉપર વલણ કરાવવા કહ્યું કે ત્રિકાળી સ્વભાવ તરફ દૃષ્ટિ કર, અંતર સ્વભાવ એકરૂપ છે તેને જો. અહીં 'અંતર સ્વભાવને જો' એમ કહેતાં જ અંતર સ્વભાવ તરફ વળવારૂપ અવસ્થા પણ સિદ્ધ થઈ ગઈ, અને અવસ્થાનું પરિણમન પણ સિદ્ધ થઈ ગયું. વર્તમાન અવસ્થા પરવલણ તરફ જાય છે, તેને સ્વવલણ તરફ વાળવા કહેવામાં આવે છે. અવસ્થાનું પરિણમન તો દરેક જીવને સમયે સમયે છે, પણ એક અવસ્થા બદલીને બીજી અવસ્થા થાય તે, જીવ બહારમાં એકાકાર કરે કે અંતર સ્વભાવમાં એકાકાર કરે તેના ઉપર અશુદ્ધતા કે શુદ્ધતા પ્રગટવાનો આધાર છે. જો અંતરમાં પરિપૂર્ણ શુદ્ધતા ન હોય તો પ્રગટ કરવાનું જ રહે નહિ અને જો વર્તમાનમાં તે શુદ્ધતા પ્રગટ હોય તોપણ કરવાનું રહે નહિ—આમાં સ્વભાવ અને પર્યાય બંને સિદ્ધ થઈ ગયાં. સ્વભાવ પૂરો છે અને અવસ્થા અધૂરી છે એમ જાણે તો પૂરા સ્વભાવના લક્ષે અવસ્થાની પૂર્ણતા પ્રગટ કરે.

વર્તમાન અવસ્થા પરમાં એકાકાર હોવાથી વર્તમાન પર્યાય રાગાદિવાળી અશુદ્ધ છે. તે અવસ્થા એક સમય પૂરતી છે. બીજે સમયે તે અવસ્થા બદલીને જો સ્વમાં એકાકાર કરે તો શુદ્ધતા પ્રગટે છે અને અશુદ્ધતા ટળે છે, એટલે સ્વ તરફ વળતાં નિર્મળ પર્યાય પ્રગટે છે.

વસ્તુદૃષ્ટિએ આત્મા એકરૂપ છે; અવસ્થાદૃષ્ટિએ વ્યંજનપર્યાય વર્તમાન વિકારરૂપ પર્યાય છે, અને અવ્યંજન એટલે અપ્રગટ પર્યાય પણ છે. પ્રગટરૂપ પર્યાયને લક્ષમાં લેવી તે વ્યવહાર છે; કેમ કે પર્યાયનું લક્ષ કરતાં, અખંડ વસ્તુમાં એક સમયનો ખંડ થઈને તે લક્ષ થયું છે.

આચાર્યદેવ આ ગાથામાં તો નય—અપેક્ષાથી એમ કહે છે કે—વિકાર, આકાર અને નિર્મળ અવસ્થા બધા આત્મામાં ત્રિકાળ છે. બધા આત્મામાં કહેતાં સિદ્ધના આત્મા પણ

> **આત્મજ્ઞાન વણ કાર્ય કંઈ મનમાં ચિર નહિ હોય;**
> **કારણવશ કંઈ પણ કરે ત્યાં બુધ તત્પર નો'ય. ૫૦.** —શ્રી સમાધિતંત્ર

આવ્યા, અને સિદ્ધભગવાનમાં પણ વિકાર છે, એમ નય અપેક્ષાથી આવ્યું, તેમ જ સંસારી જીવમાં શુદ્ધતા છે એમ પણ આવ્યું. તે કઈ રીતે એનો ખુલાસો આગળ આવે છે.

પ્રશ્ન :—સિદ્ધને વિકાર કેમ કહી શકાય? અને આકાર અસંખ્યપ્રદેશી એક જ પ્રકારે છે—આકૃતિ બદલતી નથી, એકલો આત્મા જ છે તેને રાગાદિની અવસ્થા કે આકાર (વિભાવ અર્થપર્યાય કે વ્યંજનપર્યાય) પણે બદલવું નથી, છતાં અહીં 'આકાર, વિકાર અને નિર્મળ અવસ્થા બધા આત્મામાં ત્રિકાળ છે' એમ કેમ કહ્યું? બધા આત્માને નિર્મળ પર્યાય પ્રગટ અને બધા આત્માને વિકારી દશા પ્રગટ એ કેવી રીતે લાગુ પડે?

ઉત્તર :—અવસ્થાદૃષ્ટિએ નૈગમનયના આરોપથી તે વાત કરી છે. વસ્તુદૃષ્ટિએ તો બધા આત્મા શુદ્ધ જ છે. અવસ્થાદૃષ્ટિથી સંસારી જીવોને રાગાદિ વિકાર છે, અને સિદ્ધને પણ પર્યાયદૃષ્ટિએ, ભૂતનૈગમનયથી, પૂર્વની વિકારી પર્યાયનો વર્તમાનમાં આરોપ કરીને વિકારી પર્યાય કહી શકાય છે. ખરેખર સિદ્ધને વર્તમાન પર્યાયમાં વિકાર નથી, તેવી જ રીતે સંસારી જીવોને ભવિષ્યની શુદ્ધપર્યાયનો વર્તમાનમાં આરોપ કરીને, ભાવિ નૈગમનયથી શુદ્ધપર્યાય કહી શકાય છે.

નૈગમનય = વસ્તુનાં ઘણાં પડખાં કરીને, તેમાં કોઈને મુખ્ય કરીને જે જ્ઞાનનું પડખું લક્ષમાં લ્યે તેવા એક નાનામાં નાના જ્ઞાનના ભાગને નૈગમનય કહેવાય છે.

સંસારદશા વખતે સિદ્ધદશા નથી, સંસારમાં વ્યંજનાકારમાં ફેરફાર થતો હોય (સંકોચ-વિસ્તાર થતો હોય) ત્યારે ન ફેરફારપણું ન હોય અને સિદ્ધમાં આકાર એકરૂપ હોય ત્યાં પરિણમન હોય છતાં ફેરફારપણું ન હોય. વસ્તુદૃષ્ટિથી જોતાં (બંધ-મોક્ષના ભેદ રહિત) ત્રિકાળ એકરૂપ છે. જેમ મનુષ્યપણાની અપેક્ષાએ બાળ-યુવાન-વૃદ્ધ એ સર્વ દશામાં મનુષ્ય તે તો મનુષ્ય જ છે તેમ બાળ એટલે અજ્ઞાનદશા, યુવાન એટલે ધર્મકાળ—સાધકદશા અને વૃદ્ધ એટલે પરિપૂર્ણ સિદ્ધદશા—એ બધી દશામાં આત્મા તો આત્મા જ છે. આત્મા કહેતાં તેમાં ત્રણ પ્રકારની અવસ્થા લક્ષમાં ન લેતાં એકરૂપ નિર્મળ ત્રિકાળ સ્વભાવભાવસામાન્યધર્મ લક્ષમાં લેવો તે દ્રવ્યદૃષ્ટિ છે—એ જ સમ્યગ્દર્શન છે; અને વિશેષધર્મ અર્થાત્ પર્યાયને લક્ષમાં લેવી તે પર્યાયદૃષ્ટિ છે. નિર્મળ પર્યાય કે વિકારી પર્યાય તે બન્નેને વસ્તુના વિશેષધર્મ કહેવાય છે. વસ્તુ સામાન્યવિશેષધર્મસ્વરૂપ છે. એક ધર્મને મુખ્ય અને બીજા ધર્મને ગૌણ કરવો તે નયનું કાર્ય છે. બે નયો થઈને આખું જ્ઞાન છે. વસ્તુમાં બે પડખાં જુદાં નથી પણ સમજવા માટે મુખ્ય-ગૌણ કરવામાં આવે છે.

**ઇન્દ્રિદૃશ્ય તે મુજ નહીં, ઇન્દ્રિય કરી નિરુદ્ધ,**
**અંતર જોતાં સૌખ્યમય શ્રેષ્ઠ જ્યોતિ મુજ રૂપ. ૫૧.** –**શ્રી સમાધિતંત્ર**

આત્મા વસ્તુ ત્રિકાળ એકરૂપ છે અને તેની અવસ્થા એક સમય પૂરતી જ હોય છે. વિકારી રાગ-દ્વેષબંધવાળી અવસ્થા હો, મોક્ષમાર્ગઅવસ્થા હો કે મોક્ષદશા હો, પણ એક સમયે એક જ દશા પ્રગટરૂપ હોય છે; તેને લક્ષમાં લેવી તે પર્યાયદૃષ્ટિ અને જે દ્રવ્યમાંથી તે બધી અવસ્થાઓ દ્રવે છે—પ્રગટે છે તે દ્રવ્યને, બંધ-મોક્ષના ભેદરહિત લક્ષમાં લેવું તે દ્રવ્યદૃષ્ટિ છે. આ વાત સૂક્ષ્મ અને સારી હોવાથી ઘણી ઘણી રીતે ફેરવી ફેરવીને સહેલી રીતે સમજાવાય છે.

લૌકિકમાં સામસામી બહેન આપી હોય ત્યાં તેને એક રીતે બનેવી કહેવાય અને તેને જ બીજી રીતે સાળો કહેવાય. ત્યાં બે જુદી અપેક્ષાએ બે સગપણ છે તે બન્ને ખ્યાલમાં રાખે છે, અને પ્રસંગવશાત્ મુખ્ય-ગૌણ કરે છે; તેમ આત્મામાં બે સંબંધની અપેક્ષાએ જોવાય છે, ત્રિકાળ એકરૂપ સ્વભાવની દૃષ્ટિથી જોતાં તો બધા આત્મા શુદ્ધ છે, વિકારની દૃષ્ટિએ જોતાં અવસ્થામાં વિકાર છે. સિદ્ધમાં પણ અવસ્થાદૃષ્ટિએ ભૂતકાળની પર્યાયના વિકારનો વર્તમાનમાં આરોપ કરીને 'સિદ્ધને પણ વિકાર છે' એમ કહેવાય છે. આ આરોપ કરવો તેને 'ભૂતનૈગમનય' કહેવાય છે. પૂર્વની અવસ્થાને વર્તમાનમાં યાદ કરીને, વર્તમાનમાં તેનો આરોપ કરવો તે ભૂતનૈગમનય છે. કોઈ વર્તમાન પૈસાવાળો હોય અને પૂર્વનું નિર્ધનપણું સંભારતો હોય કે પૂર્વે નિર્ધન દશામાં અમુક માણસે મદદ કરી વગેરે. ત્યાં પૂર્વનું નિર્ધનપણું યાદ કરતાં તે ટાણે ખરેખર નિર્ધનપણું નથી, છતાં ગયા કાળની અપેક્ષાએ નિર્ધનપણાનો વર્તમાનમાં આરોપ કરીને બોલે કે ''મહાજનનો દાણો હજી અમારી દાઢમાં છે.'' તેમ સિદ્ધભગવાન પૂર્વે સિદ્ધદશા પહેલાં નિગોદમાં રખડતા હતા, વર્તમાનમાં તે સિદ્ધદશારૂપ ધનવાન (સ્વરૂપની લક્ષ્મીના ધણી) થઈ ગયા છતાં પૂર્વની નિગોદદશાનો વર્તમાનમાં આરોપ કરીને, ભૂતનૈગમનયથી 'સિદ્ધને વિકાર છે' એમ કહેવાય છે. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૧૨ થી ચાલુ) (વૈરાગ્ય ભાવના)

કરવો ધર્મ છે. બહારથી જ્ઞાન આવે છે—એમ માનનાવાળો જૈન નથી પરંતુ અન્યમતી છે.

ગુણ-ગુણીની એકતા છે, તેમાં એકાગ્ર થાય તો ગુણ ખીલે છે—એમ ન માનીને, નિમિત્તથી અને રાગથી જ્ઞાન ખીલે છે એટલે વિકાસ થાય છે—એમ માનવાવાળો જીવ મિથ્યાદૃષ્ટિ છે. તેનો મત લોકસ્થિતિથી અલગ છે, આત્મસ્વભાવથી અલગ છે, સર્વજ્ઞથી અલગ છે, જૈનદર્શનથી અલગ છે. (ક્રમશઃ)

**પ્રારંભે સુખ બાહ્યમાં, દુખ ભાસે નિજમાંય;**
**ભાવિતાત્મને દુખ બહિર્, સુખ નિજઆતમમાંય. ૫૨.** **–શ્રી સમાધિતંત્ર**



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે (ગુણ-ગુણીને) ભિન્ન માનવામાં દૂષણ દર્શાવે છે :—

**जदि जीवादो भिण्णं सव्वपयारेण हवदि ते णाणं।**
**गुणगुणिभावो य तदा दूरेण पणस्सदे दुण्हं ॥१७९॥**

અર્થ :—જો જીવથી જ્ઞાન સર્વથા ભિન્ન જ માનીએ તો તે બંનેમાં ગુણ-ગુણીભાવ દૂરથી જ (અત્યંત) નાશ પામે, અર્થાત્ આ જીવદ્રવ્ય (ગુણી) છે અને જ્ઞાન તેનો ગુણ છે એવો ભાવ ઠરશે નહિ.

ભાવાર્થ : જો જીવ અને જ્ઞાનને સર્વથા ભિન્ન માનવામાં આવે તો આ જીવદ્રવ્ય છે, આ જ્ઞાનગુણ છે—એવો ભાવ રહેશે નહીં.

જેણે પરના કારણે જ્ઞાન થવાનું માન્યું, તેણે જ્ઞાનને આત્માથી સર્વથા ભિન્ન માન્યો છે. જ્ઞાનને પર માન્યું છે, તેથી તેની માન્યતામાં જ્ઞાનગુણ આત્માનો નહીં પરંતુ પરનો થઈ ગયો—એટલે કે આત્મા જ્ઞાનગુણ રહિત અચેતન થઈ ગયો. આત્મા દ્રવ્ય છે અને જ્ઞાન તેનો ગુણ છે. આ પ્રકારે ગુણ-ગુણી ભેદ છે—એ અપેક્ષાએ ભેદ છે પરંતુ પ્રદેશભેદ નથી. જ્ઞાનસ્વભાવી આત્મા પરને તથા રાગને જાણવાવાળો છે પરંતુ પરથી અથવા રાગથી તેનું જ્ઞાન નથી થતું, ત્રિકાળીસ્વભાવના આશ્રયે જ જ્ઞાન થાય છે.

જો જ્ઞાન અને આત્માને ક્ષેત્રથી ભેદ હોય તો જ્ઞાન આત્માનો ગુણ છે—એમ જ સિદ્ધ નથી થતું એટલે આત્મા જ્ઞાનથી રહિત અચેતન થઈ જશે. માટે અંદરમાં જ્ઞાન અને આત્માની અભેદતાની પ્રતીતિ કરવી ધર્મ છે. જુઓ, આ ધર્મની વાત ! તેના સિવાય બાહ્યમાં દાન વગેરે કરે પરંતુ પોતે કોણ છે ?—એ જાણ્યા વિના ધર્મ થતો નથી.

ભાઈ ! તારો જ્ઞાનસ્વભાવ તારામાં છે, તેને તું બહારની વસ્તુમાં ન ગોત. અંતર્મુખ જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરીને, તેની સન્મુખ થઈને તેના આશીર્વાદ લે ! તેના સિવાય બાહ્યમાં કોઈ અન્યના આશીર્વાદથી કાંઈ કલ્યાણ થતું નથી. અરે ભગવાન ! તારા સ્વભાવમાં તારું સુખ અને શાંતિ છે, તે સ્વભાવની સાથે એકતા કરીને તેમાં

**તત્પર થઈ તે ઇચ્છવું, કથન-પૃચ્છના એ જ;**
**જેથી અવિદ્યા નષ્ટ થઈ, પ્રગટે વિદ્યાતેજ. ૫૩.　　　–શ્રી સમાધિતંત્ર**

અંતર્મુખ થા તો પર્યાયમાં શુદ્ધતા પ્રગટે ને તારું કલ્યાણ થાય. આ રીતે જ્ઞાન અને આત્માને અભેદ જાણીને, તેમાં અંતર્મુખ દૃષ્ટિ કરવી તે જ ધર્મ છે.

જુઓ ! ધર્મી જીવ, આત્માના ભાનપૂર્વક બારભાવના ભાવે છે, તેનું વર્ણન અહીં કરવામાં આવ્યું છે. છ દ્રવ્યસ્વરૂપ લોક છે, તે જ્ઞાનમાં જણાવાયોગ્ય છે. આ લોકમાં સ્થિત પદાર્થોનું વર્ણન છે. જીવ પણ લોકમાં સ્થિત છે, જીવ જ્ઞાનસ્વભાવી દ્રવ્ય છે, તેનું જ્ઞાન કરીને તેમાં એકાગ્રતાની ભાવના ધર્મી જીવ ભાવે છે. આ વૈરાગ્ય ભાવનાઓ ભવ્યજીવોને આનંદ આપે છે. આત્મવસ્તુની દૃષ્ટિપૂર્વક આ ભાવનાને ભાવતા રાગ ઘટતો જાય છે અને અરાગીભાવ વધતો જાય છે, તેનું જ નામ સંવર છે, વચમાં થવાવાળા શુભભાવ સંવર નથી. તીર્થંકરદેવ પણ દીક્ષા ગ્રહણ પૂર્વે આ બાર વૈરાગ્યભાવનાઓનું ચિંતવન કરે છે. જે જ્ઞાયકસ્વભાવને જાણ્યો છે તેમાં વિશેષ સ્થિરતા કરવા આ ભાવના છે.

સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવની દૃષ્ટિ જ્ઞાયક ચિદાનંદસ્વભાવ પર હોય છે અને તેના ધ્યાનમાં એકાગ્રતા કરે છે, તે જ મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ છે. તે ધ્યાન જ છે. જ્ઞાનસ્વભાવનું ધ્યાન જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે અને સંવર-નિર્જરા તથા મોક્ષનો ઉપાય છે. બાર ભાવના પણ તેમાં જ સમાઈ જાય છે. આત્મા ચિદાનંદસ્વભાવી છે તેનું ધ્યાન, તે ધર્મ છે, તેના ધ્યાનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સમાઈ જાય છે. શુદ્ધસ્વભાવની રુચિ કરીને તેમાં એકાગ્ર થવું, મોક્ષના કારણરૂપ ધ્યાન છે અને રાગની રુચિ કરીને તેમાં એકાગ્ર થવું તે સંસારના કારણરૂપ ધ્યાન છે.

ભાઈ ! આત્મા વર્તમાન પ્રગટ અવસ્થા જેટલો છે નહીં, પરંતુ ત્રિકાળ શક્તિનું અખંડ પિંડ છે. સંયોગ તો પર છે, પુણ્ય-પાપના ભાવ ક્ષણિક વિકારી વૃત્તિ છે, તેટલો જ આત્મા નથી. જ્ઞાનના ક્ષયોપશમભાવ જેટલો આત્મા નથી, આત્મા તો અખંડ જ્ઞાનસ્વભાવી પરિપૂર્ણ સામર્થ્યનો પિંડ છે, તે જ્ઞાયકસ્વભાવની તરફ જ્ઞાનની એકાગ્રતા થવી તે ભાવના છે.

સર્વજ્ઞદેવ દ્વારા જોવામાં આવેલી લોકની સ્થિતિમાં દરેક જીવનો એવો જ સ્વભાવ છે. પોતાના એવા સ્વભાવની દૃષ્ટિ અને એકાગ્રતા તે મોક્ષમાર્ગ છે અને તે સ્વભાવને ચૂકીને પરની રુચિ અને એકાગ્રતા તે સંસારમાર્ગ છે.

સર્વજ્ઞદેવે કેવળજ્ઞાનમાં લોકાલોકને જાણ્યો છે. સમ્યગ્દ્રષ્ટિને તેની પ્રતીતિ વર્તે છે અને તોપણ તે લોકસ્વરૂપનું ચિંતવન કરતા થકા જ્ઞાનની વિશેષ નિર્મળતા અને એકાગ્રતા

**વચ-કાયે જીવ માનતો, વચ-તનમાં જે ભ્રાન્ત;**
**તત્ત્વ પૃથક્ છે તેમનું—જાણે જીવ નિર્ભ્રાન્ત. ૫૪.** **–શ્રી સમાધિતંત્ર**

થાય છે. લોકમાં સ્થિત જીવવસ્તુનું સ્વરૂપ શું છે અને તે નહીં જાણવાવાળો જીવ કેવા ઉંધા સ્વરૂપને માને છે ? તેનો ધર્મી જીવ વિચાર કરે છે.

હવે કોઈ પૂછે કે 'ગુણ અને ગુણીના ભેદ વિના બે નામ કેમ કહેવાય?' તેનું સમાધાન કરવામાં આવે છે :—

**जीवस्स वि णाणस्स वि गुणगुणिभावेण कीरए भेओ।**
**जं जाणदि तं णाणं एवं भेओ कहं होदि ॥१८०॥**

અર્થ :—જીવ અને જ્ઞાનમાં ગુણ-ગુણીભાવથી કથંચિત્ ભેદ કરવામાં આવે છે. જો એમ ન હોય તો 'જે જાણે તે જ આત્માનું જ્ઞાન છે' એવો ભેદ કેમ હોય?

ભાવાર્થ :—જો સર્વથા ભેદ હોય તો 'જાણે તે જ્ઞાન છે' એવો અભેદ કેમ કહેવાય? માટે કથંચિત્ ગુણ-ગુણીભાવથી ભેદ કહેવામાં આવે છે પરંતુ તેમાં પ્રદેશભેદ નથી. એ પ્રમાણે કોઈ અન્યમતી ગુણ-ગુણીમાં સર્વથા ભેદ માની જીવ અને જ્ઞાનને સર્વથા અર્થાન્તરભેદ (પદાર્થભિન્નતારૂપ ભેદ) માને છે તેના મતને નિષેધ્યો.

આત્મા જ્ઞાનસ્વભાવી છે. તેને જ્ઞાનની સાથે ભેદ નથી. જ્ઞાન અલગ અને આત્મા અલગ—એમ પ્રદેશભેદ નથી. જો આત્મા અને જ્ઞાનને પ્રદેશભેદ ન હોય તો તેના અલગ-અલગ બે નામ કેમ કહેવામાં આવે છે ? આવો પ્રશ્ન કોઈ કરે તો તેનું સમાધાન આ પ્રકારે છે.

આત્મા પોતે જાણનહાર તત્ત્વ છે, તેના જ્ઞાનમાં ભિન્નતા નથી. આત્મા દ્રવ્ય છે અને જ્ઞાન તેનો ગુણ છે. આ પ્રમાણે તેને નામભેદ છે પરંતુ પ્રદેશભેદ નથી. એટલે વસ્તુભેદ નથી. જ્યાં આત્મા છે, ત્યાં જ્ઞાન ન હોય અને જ્યાં જ્ઞાન છે ત્યાં આત્મા ન હોય—એમ કોઈ દિવસ હોતું નથી. આત્મા, ઇન્દ્રિયોથી કે રાગથી જણાય એમ નથી પરંતુ જ્ઞાન તો આત્માનો સ્વભાવ જ છે. આ પ્રમાણે આત્મા અને જ્ઞાનમાં નામભેદ-લક્ષણભેદ હોવા છતાં વસ્તુભેદ એટલે કે પ્રદેશભેદ નથી. પાંચેય ઇન્દ્રિયો બંધ હોવા છતાં અંદર કોણ જાણે છે ? આત્મા જ જ્ઞાનથી જાણે છે. તે જાણવાવાળો, જ્ઞાનથી અલગ રહીને જાણતો નથી પરંતુ જ્ઞાનની સાથે એકમેક છે.

આત્મા અને શરીર તો અત્યંત ભિન્ન છે, બંને વસ્તુઓ ભિન્ન છે, બંનેના પ્રદેશ ભિન્ન છે પરંતુ આત્મા અને જ્ઞાનને તેવો ભેદ નથી. આ પ્રમાણે જ્ઞાનસ્વભાવનો નિર્ણય

(જુઓ અનુસંધાન પેજ નં. ૯ ઉપર)

**ઇન્દ્રિયવિષયે જીવને કાંઈ ન ક્ષેમસ્વરૂપ;**
**છતાં અવિદ્યાભાવથી રમણ કરે ત્યાં મૂઢ. ૫૫.** **–શ્રી સમાધિતંત્ર**

# સ્વતંત્રતાની ઘોષણા

(ચાર બોલથી સ્વતંત્રતાની ઘોષણા કરતાં ખાસ પ્રવચન)

હવે અંદરનું સૂક્ષ્મ દૃષ્ટાન્ત લઈએ : કોઈ આત્મામાં ઈચ્છા અને સમ્યગ્જ્ઞાન બંને પરિણામ વર્તે છે; ત્યાં ઈચ્છાના આધારે સમ્યગ્જ્ઞાન નથી. ઈચ્છા તે સમ્યગ્જ્ઞાનની કર્તા નથી. આત્મા જ કર્તા થઈને તે કાર્યને કરે છે. કર્તા વગરનું કર્મ નથી ને બીજો કોઈ કર્તા નથી, એટલે જીવકર્તા વડે જ્ઞાનકાર્ય થાય છે. આ પ્રમાણે બધા પદાર્થોના બધા કાર્યોમાં તે તે પદાર્થનું જ કર્તાપણું છે–એમ સમજી લેવું.

જુઓ, ભાઈ! આ તો સર્વજ્ઞ ભગવાનના ઘરની વાત છે....મહા કલ્યાણની વાત છે, તે સાંભળીને રાજી થવા જેવું છે. અહા! સંતોએ વસ્તુસ્વરૂપ સમજાવીને માર્ગ સ્પષ્ટ કરી દીધો. સંતોએ બધો માર્ગ સહેલો ને સીધોસટ કરી દીધો, તેમાં વચ્ચે ક્યાંય અટકવાપણું નથી. પરથી છૂટું આવું સ્પષ્ટ વસ્તુસ્વરૂપ સમજે તો મોક્ષ થઈ જાય. બહારથી તેમજ અંદરથી આવું ભેદજ્ઞાન સમજતાં મોક્ષ તો હથેળીમાં આવી જાય છે. હું પરથી તો છૂટો ને મારામાં એક ગુણનું કાર્ય બીજા ગુણથી નહિ–આ મહાસિદ્ધાન્ત સમજતાં સ્વાશ્રયભાવે અપૂર્વ કલ્યાણ પ્રગટે છે.

કર્મ તેના કર્તા વગર હોતું નથી—એ વાત ત્રીજા બોલમાં કરી; ને ચોથા બોલમાં કર્તાની (–વસ્તુની) સ્થિતિ સદાય એકસરખી હોતી નથી પણ નવા નવા પરિણામરૂપે તે બદલ્યા કરે છે—એ વાત કહેશે. દર વખતે પ્રવચનમાં આ ચોથા બોલનો વિશેષ વિસ્તાર થાય છે, આ વખતે બીજા બોલનો વિશેષ વિસ્તાર આવ્યો.

કર્તા વગર કાર્ય હોતું નથી એ સિદ્ધાન્ત છે; ત્યાં કોઈ કહે કે આ જગત તે કાર્ય છે ને ઈશ્વર તેનો કર્તા છે તો એ વાત વસ્તુસ્વરૂપની નથી. દરેક વસ્તુ પોતે જ પોતાની પર્યાયનો ઈશ્વર છે, ને તે જ કર્તા છે, એનાથી ભિન્ન બીજો કોઈ ઈશ્વર કે બીજો કોઈ પદાર્થ કર્તા નથી. પર્યાય તે કાર્ય ને પદાર્થ તેનો કર્તા.

કર્તા વગર કાર્ય નથી ને બીજો કોઈ કર્તા નથી.

કોઈ પણ અવસ્થા થાય–શુદ્ધ અવસ્થા, વિકારી અવસ્થા કે જડ અવસ્થા—તેનો કર્તા ન હોય એમ બને નહિ, તેમ જ બીજો કોઈ કર્તા હોય—એમ પણ ન બને.

—તો શું ભગવાન તેના કર્તા છે?

મૂઢ કુયોનિમહીં સૂતા તમોગ્રસ્ત ચિરકાળ;
જાગી તન-ભાર્યાદિમાં કરે 'હું-મુજ' અધ્યાસ. ૫૬. –શ્રી સમાધિતંત્ર

—હા, ભગવાન કર્તા ખરા, પણ ક્યા ભગવાન? કોઈ બીજા ભગવાન નહિ પણ આ આત્મા પોતે ભગવાન છે તે જ કર્તા થઈને પોતાના શુદ્ધ—અશુદ્ધ પરિણામને કરે છે. જડના પરિણામને જડપદાર્થ કરે છે. એના ભગવાન એ. દરેક વસ્તુ પોતપોતાની અવસ્થાને રચનાર ઈશ્વર છે.

સંયોગ વગર અવસ્થા ન થાય એમ નહિ, પરંતુ વસ્તુ પરિણમ્યા વગર અવસ્થા ન થાય—એ સિદ્ધાન્ત છે. પોતાની પર્યાયના કર્તૃત્વનો અધિકાર વસ્તુનો પોતાનો છે, પરનો તેમાં અધિકાર નથી.

ઈચ્છારૂપી કાર્ય થયું તો તેનો કર્તા આત્મદ્રવ્ય છે.

તે વખતે તેનું જ્ઞાન થયું, તે જ્ઞાનનો કર્તા આત્મદ્રવ્ય છે.

પૂર્વની પર્યાયમાં તીવ્ર રાગ હતો માટે વર્તમાનમાં રાગ થયો—એમ પૂર્વ પર્યાયમાં આ પર્યાયનું કર્તાપણું નથી. વર્તમાનમાં આત્મા તેવા ભાવરૂપે પરિણમીને પોતે કર્તા થયો છે. એ જ રીતે જ્ઞાનપરિણામ, શ્રદ્ધાપરિણામ, આનંદપરિણામ, તે બધાનો કર્તા આત્મા છે. પર તો નહિ, પૂર્વના પરિણામ તો નહિ તેમ જ વર્તમાન તેની સાથે વર્તતા બીજા પરિણામ પણ કર્તા નહિ, આત્મદ્રવ્ય પોતે કર્તા છે. શાસ્ત્રમાં પૂર્વપર્યાયને કોઈવાર ઉપાદાન કહે છે, તે તો પૂર્વ-પછીની સંધિ બતાવવા માટે કહ્યું છે, પણ પર્યાયનું કર્તા તો તે વખતે વર્તતું દ્રવ્ય છે, તે જ પરિણામી થઈને કાર્યરૂપે પરિણમ્યું છે. જે સમયે સમ્યગ્દર્શન-પર્યાય થઈ તે સમયે તેનો કર્તા આત્મા જ છે. પૂર્વની ઈચ્છા, વીતરાગની વાણી કે શાસ્ત્ર—તે કોઈ ખરેખર આ સમ્યગ્દર્શનના કર્તા નથી.

એ જ રીતે જ્ઞાનકાર્યનો કર્તા પણ આત્મા જ છે. ઈચ્છાનું જ્ઞાન થયું,—ત્યાં તે જ્ઞાન કાંઈ ઈચ્છાનું કાર્ય નથી, ને ઈચ્છા તે જ્ઞાનનું કાર્ય નથી. બંને પરિણામ એક જ વસ્તુના હોવા છતાં તેમને કર્તા—કર્મપણું નથી. કર્તા તો પરિણામી વસ્તુ છે.

પુદ્‌ગલમાં ખાટી—ખારી અવસ્થા હતી ને જ્ઞાને તે પ્રમાણે જાણ્યું, ત્યાં ખાટું—ખારું તે પુદ્‌ગલના પરિણામ છે, ને પુદ્‌ગલો તેના કર્તા છે; તે સંબંધી જે જ્ઞાન થયું તેનો કર્તા આત્મા છે. તે જ્ઞાનનો કર્તા ખાટી—ખારી અવસ્થા નથી. કેટલી સ્વતંત્રતા!! એ જ રીતે શરીરમાં રોગાદિ જે કાર્ય થાય તેના કર્તા તે પુદ્‌ગલો છે, આત્મા નહિ; ને તે શરીરની હાલતનું જે જ્ઞાન થયું તેનો કર્તા આત્મા છે. આમ કર્તા થઈને જ્ઞાનપરિણામને કરે છે પણ શરીરની અવસ્થાને તે કરતો નથી.

**આત્મતત્ત્વમાં સ્થિત થઈ નિત્ય દેખવું એમ,**
**મુજ તન તે મુજ આત્મ નહિ, પર તનનું પણ તેમ. ૫૭.** **–શ્રી સમાધિતંત્ર**

આ તો પરમેશ્વર થવા માટે પરમેશ્વરના ઘરની વાત છે. પરમેશ્વર–સર્વજ્ઞદેવે કહેલું આ વસ્તુસ્વરૂપ છે.

જગતમાં ચેતન કે જડ અનંત પદાર્થો અનંતપણે કાયમ ટકીને પોતપોતાના વર્તમાન કાર્યને કરે છે. એકેક પરમાણુમાં સ્પર્શ–રંગ વગેરે અનંતગુણો; સ્પર્શની ચીકણી વગેરે અવસ્થા, રંગની કાળી વગેરે અવસ્થા, તે તે અવસ્થાનું કર્તા પરમાણુદ્રવ્ય છે; ચીકણી અવસ્થા તે કાળી અવસ્થાની કર્તા નથી.

એ રીતે આત્મામાં–દરેક આત્મામાં અનંતગુણો; જ્ઞાનમાં કેવળજ્ઞાનપર્યાયરૂપ કાર્ય થયું, આનંદમાં પૂર્ણ આનંદ પ્રગટ્યો; તેનો કર્તા આત્મા પોતે છે. મનુષ્યદેહ કે મજબૂત સંહનનના કારણે તે કાર્ય થયું—એમ નથી. પૂર્વની મોક્ષમાર્ગપર્યાયના આધારે તે કાર્ય થયું એમ નથી, જ્ઞાન ને આનંદના પરિણામ એકબીજાના આશ્રયે પણ નથી, દ્રવ્ય જ પરિણમીને તે કાર્યનું કર્તા થયું છે. ભગવાન આત્મા પોતે જ પોતાના કેવળજ્ઞાનાદિ કાર્યનો કર્તા છે, કોઈ બીજો નહિ. આ ત્રીજો બોલ થયો. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૨૬ થી ચાલુ) (બહેનશ્રીની તત્ત્વચર્ચા)

જ્ઞાનલક્ષણ બતાવી રહ્યું છે કે ‘હું આ રહ્યો,’ પણ પોતે લક્ષમાં લેતો નથી. જાણનારો જુદો છે. રાગ આત્માને જાણતો નથી અને રાગ રાગને જાણતો નથી તથા શરીર તો જડ છે. વિચાર કરે તો જાણનારો પોતે દેખાય તેવો છે, સમજાય તેવો છે કે જાણનારો પોતે જ છે. જાણનારો પોતે પોતાનું લક્ષણ બતાવી રહ્યો છે, પણ પોતે ધીરો થઈને ઊભો ન રહેતાં વિભાવની પરિણતિ વેગથી ચાલી રહી છે તેમાં વેગથી દોડી રહ્યો છે. તેથી તેને તેમાં રાગથી જુદું પડવું મુશ્કેલ પડે છે. રાગ મંદ કરે તો અશુભમાંથી શુભમાં આવે છે, પણ જુદો પડતો નથી. એક પછી એક વિભાવની માળા તેને ચાલ્યા કરે છે, તેમાંથી તેણે ઊભું રહીને—સ્થિર રહીને—જુદું રહીને—જુદું પડવું મુશ્કેલ પડે છે. (ક્રમશઃ)❋

---

(અનુસંધાન પેજ નં. ૧૮ થી ચાલુ) (અનુભવપ્રકાશ)

વગેરે દુઃખ સહન કરે છે, પણ પોતાના આત્માના સુખ માટે કાંઈ કરતો નથી. પોતે મોટી ઉંમરનો થાય તોપણ નવરો ન થાય. ભગવાન આત્માને ઓળખતો નથી, તેને જાણે તો સુખી થાય. જેમ કોઈ મનુષ્યની ગાંસડીમાં લાલ મણિ છે, તે બધાં ઊંચા રત્ન છે. જો ગાંસડી ખોલીને દેખે તો સુખી થાય. તેમ આત્મા જ્ઞાન, દર્શન વગેરે ગુણોની ગાંસડી છે, પણ મિથ્યાભ્રાંતિ તથા રાગ-દ્વેષ વડે આત્માને બાંધી રાખ્યો છે ને તેને ખોલતો નથી. ચિદાનંદમૂર્તિ છે તેને શ્રદ્ધા-જ્ઞાનની કળાથી ખોલે તો સુખી થાય. (ક્રમશઃ)



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

અનાદિકાળથી આત્માનો સ્વભાવ કેમ અનુભવમાં આવતો નથી તે બતાવે છે. આત્મા પ્રસિદ્ધ વસ્તુ છે તેની સન્મુખતા કેમ થઈ નથી તે બતાવે છે—(૧) જેમ કોઈનો જન્મ થયો તે જન્મથી જ આંખ ઉપર ચામડીનો લપેટો ચાલ્યો આવ્યો. અંદરમાં આંખનો પ્રકાશ એવો ને એવો છે, પણ બાહ્ય ચર્મના આવરણથી પોતાને દેખાતું નથી. જ્યારે કોઈ તબીબ મળ્યો ને કહ્યું કે તારી આંખમાં પ્રકાશ છે, આંખમાં વાંધો નથી, એવી ને એવી છે. તેણે જતન કરીને ચામડીનો લપેટો દૂર કર્યો, ત્યારે પોતે પોતાને દીઠો ને બીજું પણ જોવા લાગ્યો. આંખ ઉઘડતાં સ્વ-પરને જોવા લાગ્યો. પોતે ઉપાય કર્યો ત્યારે આમ થયું.

(૨) એ પ્રમાણે આત્માનો જ્ઞાનસ્વભાવ છે, પણ પર્યાયમાં આવરણબુદ્ધિથી ચૈતન્યને ઢંકાયેલો માને છે. દ્રષ્ટિ સંયોગ ઉપર હોવાથી ચૈતન્યને જોઈ શકતો નથી. પછી શ્રીગુરુ મળ્યા, તે ઉપાય બતાવે છે. જે જ્ઞાનપર્યાય પર તરફ, રાગ તરફ ને અલ્પજ્ઞતા તરફ વળેલી છે તે તારી ભૂલ છે; તેને સ્વભાવ તરફ વાળ—એમ ગુરુએ કહ્યું. આમ ગુરુએ ઉપાય બતાવ્યો. તારું હુંપણું ક્યાં લાગુ પડ્યું ? રાગમાં કે અલ્પજ્ઞતામાં હુંપણું માન્યું તે સાચું નથી. જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાન ઢાંકવામાં નિમિત્ત છે, તેને ન જો. અવસ્થાદૃષ્ટિવાળો સંયોગને જુએ છે ને દ્રવ્યદૃષ્ટિવાળો સ્વભાવને જુએ છે. તારો સ્વભાવ તારાથી ખીલે છે. તારા સ્વભાવની મુખ્યતામાં પર જણાય છે, દ્રવ્યસ્વભાવની શ્રેષ્ઠતા-મુખ્યતાને ચૂકી પરને સર્વસ્વ જાણ્યું તેમાં જ્ઞાનાવરણીય કર્મ નિમિત્ત છે.

(૩) આમ ગુરુએ જે કહ્યું તેનું શિષ્યે લક્ષ કર્યું. મેં પર્યાયબુદ્ધિથી પરને માહાત્મ્ય આપેલ, તેથી જ્ઞાનાવરણીય બંધાયેલ છે, પણ હવે દૃષ્ટિ ફેરવી નિત્ય નિર્મળ જ્ઞાનતેજ ને દેખ, ચૈતન્યસૂર્યને આવરણ નથી ને જે અભાવ હોય તેને આવરણ ન હોય આમ સાચી દૃષ્ટિ કરતાં પોતે ચિદ્‌ઘનસ્વરૂપ છે, તેમાં કાંઈ બગાડ નથી,—એવું પોતાનું ઘર જોયું તેથી સુખી થયો. પોતે શ્રદ્ધા કરી તો ગુરુને નિમિત્ત કહેવાય. આમ સાચી શ્રદ્ધાથી સુખી થયો.

મૂઢાત્મા જાણે નહીં વણબોધ્યે જ્યમ તત્ત્વ,
બોધ્યે પણ જાણે નહીં, ફોગટ બોધન-કષ્ટ. ૫૮. –શ્રી સમાધિતંત્ર

(૪) જ્ઞાનસ્વભાવ સ્વ-પરપ્રકાશક છે. એમાં પોતાને જાણતાં સાચા ગુરુ વગેરે નિમિત્તોને જાણી લ્યે છે, ને રાગ બાકી છે એટલે તે પ્રકારનું બહુમાન આવ્યા વિના રહેતું નથી. તે જ્ઞાનસ્વભાવનું સામર્થ્ય છે કે પોતાના સ્વભાવને શુભરાગને અને નિમિત્તને યથાર્થ જાણી લ્યે છે.

જેમ દોરડીમાં સર્પ નથી, તેમ વિકાર કે આવરણમાં આત્મા નથી. ધોળી છીપમાં રૂપું નથી તેમ વિકાર અને સંયોગમાં આત્મા નથી. મૃગતૃષ્ણામાં જળ નથી, તેમ પરપદાર્થોમાં આત્મા નથી. કાચના મંદિરમાં બીજો શ્વાન નથી. કાચમાં કૂતરાનું પ્રતિબિંબ દેખાતા બીજો કૂતરો દેખાય ને કૂતરો ભસવા લાગે, પણ ત્યાં બીજો કૂતરો નથી, તેમ તારા ચૈતન્યમાં બીજી વસ્તુનો અભાવ છે. બીજામાં તું નથી, મૃગની ડૂંટીમાં કસ્તૂરી છે, પણ બહારમાં નથી, તેમ તારો આનંદ અને જ્ઞાન તારામાં છે, બીજે નથી. અંધકારે પ્રકાશ ન મળે તેમ રાગરૂપ અંધારામાં જ્ઞાનપ્રકાશ ન મળે. પીત્તળની ભૂંગળીમાં પોપટને કોઈએ પકડ્યો નથી. દોરીમાં ભૂંગળી રાખી હોય ને તેના ઉપર પોપટ બેસે ત્યારે પોલી ભૂંગળીઓ ફરી જાય, એટલે પોપટ ઊંધો પડી જાય, ત્યાં માને કે હું પકડાઈ ગયો. તેમ અજ્ઞાનીએ નિમિત્ત, સંયોગ અને વિકારને મહત્વ આપ્યું છે. કર્મોએ મને રોક્યો છે એમ તેણે માન્યું છે, તેથી તેની દૃષ્ટિ બગડી ગઈ છે. જો પોપટ પગ છોડે તો ઉડીને ચાલ્યો જાય, તેમ સાચી દૃષ્ટિ કરે તો જ્ઞાન પ્રગટે. ગાગરમાં બોર હતાં, તે લેવા વાંદરાએ મુઠો ભર્યો. મોટો મૂઠો ભરવાથી હાથ નીકળી શક્યો નહીં. તેથી જાણે કે ભૂતે મને પકડ્યો—એમ તે માને છે. તેમ શરીર, મન, વાણી, પુણ્ય-પાપને પોતે પકડે છે, છતાં તેઓએ મને પકડ્યો એમ અજ્ઞાની માને છે. શું કહીએ? બૈરા-છોકરા રખડાવે છે, કર્મોએ મને પકડ્યો છે; કર્મો છૂટે તો સુખી થવાય એમ તે માને છે, પણ પોતાની ઊંધી દૃષ્ટિથી ભૂલ થઈ છે એ ખ્યાલ આવતો નથી જેમ વાંદરો બોર મૂકી દે તો છૂટો થાય, તેમ અજ્ઞાની ઊંધી દૃષ્ટિ છોડે તો સુખી થાય.

કુવામાં સિંહ પોતાનું પ્રતિબિંબ જોઈ રાડ પાડે છે, પણ ત્યાં બીજો સિંહ નથી; તેમ મને આ પરપદાર્થોએ પકડી રાખ્યો, કર્મોએ મને હેરાન કરી નાખ્યો, કર્મની શક્તિમાં હું પકડાણો—એમ અજ્ઞાની રાડ નાખે છે, પણ હું જ્ઞાનસ્વરૂપ છું એવી પ્રતીતિ કરતો નથી. જ્યાં જે વસ્તુ ભળાય છે ત્યાં તું છે. કર્મ, રાગ કે કોઈ વસ્તુને યાદ કરાવનાર તારી જ્ઞાનવસ્તુ છે. જ્ઞાનાનંદ ચૈતન્યવસ્તુ આત્મા છે. ભૂતકાળની વાત પોતે

જે ઇચ્છું છું બોધવા, તે તો નહિ 'હું'તત્ત્વ;
'હું' છે ગ્રાહ્ય ન અન્યને, શું બોધું હું વ્યર્થ? ૫૯. —શ્રી સમાધિતંત્ર

યાદ કરે છે. પોતાની અસ્તિમાં તે વાતો જણાય છે. પર્યાયવાનના અવલંબનથી જ્ઞાનપર્યાય પ્રગટે છે તેનો ખ્યાલ અજ્ઞાનીને આવતો નથી.

અનાદિથી સમયે સમયે ભૂલ કરતો આવ્યો છે, તેથી દુઃખ પામે છે. શરીર સારું હોત તો હું ત્યાગી થાત, જંગલમાં રહેત. વગેરે પ્રકારે માની મૂઢ જીવ શરીર સાથે એકત્વબુદ્ધિ કરે છે ને તેથી દુઃખ પામે છે.

અજ્ઞાની જીવ દલીલ કરે છે કે—દર્શનમોહનીય કર્મના ઉદય વિના ઊંધી શ્રદ્ધા થાય? જ્ઞાનાવરણીયના ઉદય વિના જ્ઞાન રોકાય? એમ કહી કર્મ ઉપર વજન આપે તે બધાં નિમિત્તનાં કથન છે. મોહમાં દર્શનમોહ નિમિત્ત છે ને જ્ઞાનની હીનતામાં નિમિત્ત જ્ઞાનાવરણીય છે. નિમિત્તનું કથન હોય ત્યાં પણ એમ જ બતાવવું છે કે જ્યાં જ્યાં જોઉં ત્યાં ત્યાં મારો જ્ઞાન-દર્શન સ્વભાવ છે. પરવસ્તુ મારામાં નથી, પોતે જ્ઞાન જ છે, બીજી ચીજનો પોતામાં પ્રવેશ નથી. કર્મ વગેરે બીજી ચીજો ભાસે છે ત્યાં પણ પોતાનું જ્ઞાન ભાસે છે. આત્મા ચિદાનંદ છે, તેને સાચું જાણી સદા સુખી થાય. કોઈ પણ પરચીજ જણાય તે બધો વ્યવહાર છે. જ્ઞાનસ્વભાવને નિશ્ચયથી જગતની ખબર નથી. નિશ્ચયથી જગત જ્ઞાનમાં નથી; કેમકે નિશ્ચયથી જગત જ્ઞાનમાં આવે તો જગત અને જ્ઞાન એક થઈ જાય પણ એમ નથી. જગત છે એવું જ્ઞાન જ્ઞાનમાં આવ્યું. સ્વ-પરપ્રકાશક સામર્થ્ય છે તે પોતાનું છે. પરને જાણવું તે વ્યવહાર છે. સ્વભાવવાન અને સ્વ-પરપ્રકાશક સ્વભાવ ફૂલ અને સુગંધની જેમ એકમેક છે. જો સાચું જાણે તો સદા સુખી થાય.

આ આત્મા સુખ માટે અનેક ઉપાય કરે છે. જેમ ભિખારી રોટલાનો ટુકડો માગવા ઘેરઘેર ફરે છે તેમ વેપારી દેશ-પરદેશ ફરે છે. વળી પૈસા કમાણા તેમાંથી વ્યાજ આવશે, તેથી હવે નિરાંતે ધર્મ થશે એમ માને છે. મકાન કર્યા, દાગીના કર્યા વગેરે અમોએ અમારી કમાણીથી કર્યા એમ માને છે, પણ લક્ષ્મી પૂર્વપુણ્યના કારણે મળે છે—એવી તેને ખબર નથી. અજ્ઞાની લક્ષ્મીમાં સુખ માને છે. આત્માની રુચિ છોડી જગતનો ભિખારી લક્ષ્મીની કમાણીમાં સુખ માને છે. પૈસા ભેગા થાય ત્યાં હું પહોળો ને શેરી સાંકડી—એમ માની અભિમાન કરે છે. આત્મા આનંદસ્વરૂપ છે, તેની ઓળખાણ કરતો નથી, પણ બૈરાં-છોકરાં, મકાન ને મહેલમાં સુખ માને છે. વળી, પૈસા માટે ઘણાં દુઃખ સહન કરે, પરદેશમાં જાય, ટાઈમના અભાવે એક ટંક ખાય, નાવાનાં ઠેકાણાં ન હોય

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૫ ઉપર)

અંતર્જ્ઞાન ન જેહને, મૂઢ બાહ્યમાં તુષ્ટ;
કૌતુક જસ નહિ બાહ્યમાં, બુધ અંતઃસંતુષ્ટ. ૬૦. —શ્રી સમાધિતંત્ર

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો?

## સમ્યગ્દર્શનનું સ્વરૂપ અને તે કેમ પ્રગટે?

હે જીવ! તું તારા સ્વભાવને તો સ્વીકાર, જેવો સ્વભાવ છે તેવો માન તો ખરો. જેણે પૂરા સ્વભાવને સ્વીકારીને સમ્યગ્દર્શનને જાળવી રાખ્યું છે તે જીવ અલ્પકાળે સ્વભાવના જોરે સ્થિરતા પ્રગટ કરી મુક્ત થશે.

ખાસ પંચમકાળના જીવો પ્રત્યે આચાર્યભગવાન કહે છે કે, આ દગ્ધ પંચમકાળમાં તું શક્તિરહિત હો તોપણ કેવળ શુદ્ધાત્મસ્વરૂપનું શ્રદ્ધાન તો અવશ્ય કરજે. આ પંચમકાળમાં સાક્ષાત્ મુક્તિ નથી પણ ભવભયનો નાશ કરનાર એવો પોતાનો સ્વભાવ છે, તેની શ્રદ્ધા કરવી એ નિર્મળ બુદ્ધિમાન જીવોનું કર્તવ્ય છે. તારા ભવરહિત સ્વભાવની શ્રદ્ધાથી તું અલ્પકાળમાં ભવરહિત થઈ જઈશ. માટે હે ભાઈ! પહેલાં તું કોઈપણ ઉપાયે—પરમ પુરુષાર્થ વડે સમ્યગ્દર્શન પ્રગટ કર.

પ્રશ્ન :—આપ સમ્યગ્દર્શનનું અપાર માહાત્મ્ય બતાવો છો એ તો બરાબર છે, એ જ કરવા જેવું છે, પણ એનું સ્વરૂપ ન સમજાય તો શું કરવું?

ઉત્તર :—સમ્યગ્દર્શન વગર આત્મકલ્યાણનો બીજો કોઈ ઉપાય ત્રણકાળ, ત્રણલોકમાં નથી; માટે જ્યાં સુધી સમ્યગ્દર્શનનું સ્વરૂપ ન સમજાય ત્યાં સુધી એનો જ અભ્યાસ નિરંતર કર્યા કરવો, આત્મસ્વભાવની સાચી સમજણનો જ પ્રયત્ન કર્યા કરવો એ જ સરળ અને સાચો ઉપાય છે. જો તને આત્મસ્વભાવની સાચી રુચિ છે અને સમ્યગ્દર્શનનો મહિમા જાણીને તેની ઝંખના થઈ છે તો તારો સમજણનો પ્રયત્ન નકામો નહિ જાય. સ્વભાવની રુચિપૂર્વક જે જીવ સત્ સમજવાનો અભ્યાસ કરે છે તે જીવને ક્ષણે ક્ષણે મિથ્યાત્વભાવ મંદ પડતો જાય છે. એક ક્ષણ પણ સમજણનો પ્રયત્ન નિષ્ફળ જતો નથી, પણ ક્ષણે ક્ષણે તેનું કાર્ય થયા જ કરે છે. સ્વભાવની હોંશથી જે સમજવા માગે છે તે જીવને અનંતકાળે નહિ થયેલી એવી નિર્જરા શરૂ થાય છે. શ્રી પદ્મનંદી આચાર્યદેવે તો કહ્યું છે કે—આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પણ જે જીવે પ્રસન્નચિત્તથી

> **તન સુખ-દુખ જાણે નહીં, તથાપિ એ તનમાંય,**
> **નિગ્રહ ને અનુગ્રહ તણી બુદ્ધિ અબુધને થાય. ૬૧.** —**શ્રી સમાધિતંત્ર**

સાંભળી છે તે જીવ મુક્તિને લાયક છે.

માટે હે ભવ્ય! એટલું તો જરૂર કરજે.

## મિથ્યાત્વ એ જ મહાપાપ

પરદ્રવ્ય પ્રત્યે એકત્વબુદ્ધિથી રાગ હોવા છતાં જે જીવ 'હું સમ્યગ્દષ્ટિ છું, મને બંધ થતો નથી' એમ માને છે તેને સમ્યક્ત્વ કેવું? તે વ્રત-સમિતિ પાળે તોપણ સ્વ-પરનું જ્ઞાન નહિ હોવાથી તે પાપી જ છે, કેમ કે મિથ્યાત્વનું મહાપાપ તેને ટળતું નથી. પોતાને બંધ નથી થતો એમ માનીને સ્વચ્છંદે પ્રવર્તે તે વળી સમ્યગ્દષ્ટિ કેવો?

અહીં, કોઈ પૂછે કે "વ્રત-સમિતિ તો શુભ કાર્ય છે, તો પછી વ્રત-સમિતિ પાળતાં છતાં તે જીવને પાપી કેમ કહ્યો?" તેનું સમાધાન :—સિદ્ધાંતમાં મોટું પાપ મિથ્યાત્વને જ કહ્યું છે; જ્યાં સુધી મિથ્યાત્વ રહે ત્યાં સુધી શુભ-અશુભ સર્વ ક્રિયાને અધ્યાત્મમાં પરમાર્થે પાપ જ કહેવાય છે. વળી, વ્યવહારનયની પ્રધાનતામાં વ્યવહારી જીવોને અશુભ છોડાવી શુભમાં લગાડવા શુભ ક્રિયાને કથંચિત્ પુણ્ય પણ કહેવાય છે. આમ કહેવાથી સ્યાદ્વાદમતમાં કાંઈ વિરોધ નથી.

## એ મહાપાપ કેમ ટળે?

સાચા દેવ-ગુરુ-ધર્મને માટે તન-મન-ધન સર્વસ્વ અર્પણ કરે, માથું કપાઈ જાય તો ય કુદેવ-કુગુરુ-કુધર્મને ન માને, શરીર બાળી નાખે તો ય મનમાં ક્રોધ ન કરે અને પરિગ્રહમાં વસ્ત્રનો તાણો ય ન રાખે, છતાં—આત્માની ઓળખાણ વગર જીવની દૃષ્ટિ પર ઉપર અને શુભરાગ ઉપર રહી જાય છે તેથી તેને મિથ્યાત્વનું મહાપાપ ટળતું નથી. સ્વભાવને અને રાગને તેમનાં ચોક્કસ લક્ષણો વડે જુદા ઓળખવા તે જ સમ્યગ્દર્શનનું સાચું કારણ છે. નિમિત્તને અનુસરતો ભાવ અને ઉપાદાનને અનુસરતો ભાવ તે બંને જુદા છે. શરૂઆતમાં કહ્યા તે બધા ભાવો નિમિત્તને અનુસરતા છે, નિમિત્ત ફર્યું તેથી સમ્યગ્દર્શન થતું નથી પણ નિમિત્ત તરફના લક્ષને ફેરવીને શુદ્ધ ઉપાદાનમાં લક્ષ કરે તો સમ્યગ્દર્શન થાય છે, ને મિથ્યાત્વનું મહાપાપ ટળે છે. નિમિત્તના લક્ષે બંધન છે, ઉપાદાનના લક્ષે મુક્તિ છે.

**જ્યાં લગી મન-વચ-કાયને આતમરૂપ મનાય,**
**ત્યાં લગી છે સંસાર ને ભેદ થકી શિવ થાય. ૬૨.** **–શ્રી સમાધિતંત્ર**

# સમ્યગ્દર્શન વગર બધું કર્યું...પણ તેથી શું?

**(આત્મ-અનુભવ પ્રગટ કરવાનો ઉપાય બતાવતું**
**સમયસાર ગાથા ૧૪૨ ઉપરનું એક સુંદર વ્યાખ્યાન)**

આત્મકલ્યાણનો ઉપાય શું છે તે બતાવાય છે. વિકલ્પમાત્રનું અવલંબન છોડીને શુદ્ધાત્મસ્વભાવના અનુભવ દ્વારા જ્યાં સુધી જીવ સમ્યગ્દર્શન પ્રગટ ન કરે ત્યાં સુધી તેનું કલ્યાણ થાય નહિ. શુદ્ધાત્મસ્વરૂપનો અનુભવ કર્યા વગર જીવ જે કાંઈ કરે તે બધું વ્યર્થ છે—તેનાથી આત્મકલ્યાણ થતું નથી.

કોઈ જીવો એમ માને કે આપણને પાંચ લાખ રૂપિયા મળી જાય તો આપણે સુખી થઈએ. પણ જ્ઞાની કહે છે કે ભાઈ, પાંચ લાખ રૂપિયા મળ્યા તેથી આત્માને શું? શું રૂપિયામાં આત્માનું સુખ છે? રૂપિયા તો જડ છે, તે કાંઈ આત્મામાં પ્રવેશી જતાં નથી, ને તેમાં કાંઈ આત્માનું સુખ નથી. સુખ તો આત્મસ્વભાવમાં છે, તે સ્વભાવને અનુભવ્યો નથી તો રૂપિયા મળે તેથી શું? આત્માના સ્વભાવનું ભાન નથી તેથી રૂપિયામાં જ સુખ માનીને રૂપિયાના લક્ષે ઊલટો આકુળતાનું જ વેદન કરીને દુઃખી થશે.

પ્રશ્ન :—આત્માનો અનુભવ ન થાય ત્યાં સુધી વ્રત-તપ કરે તો કલ્યાણ થાય ને?

ઉત્તર :—આત્માના ભાન વગર વ્રત-તપાદિના શુભરાગ કરે તેથી શું? એ તો રાગ છે, તેનાથી આત્માને બંધન છે. તેમાં ધર્મ માનવાથી મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. આત્માના અનુભવ વગર કોઈ રીતે સુખ નથી, ધર્મ નથી, કલ્યાણ નથી.

પ્રશ્ન :—બધી સગવડતાવાળા મોટા બંગલા કરાવીને તેમાં રહે તો સુખી થાય ને?

ઉત્તર :—મોટા બંગલામાં રહે તેથી શું? શું બંગલામાંથી આત્માનું સુખ આવે છે? બંગલો તો જડ પથરાનો છે, આત્મા કાંઈ તેમાં પ્રવેશી જતો નથી. આત્મા તો પોતાની પર્યાયમાં વિકારને ભોગવે છે, પોતાના સ્વભાવને ભૂલીને બંગલામાં સુખ માન્યું તે જ મહા પરાધીનતા ને દુઃખ છે; પછી તે જીવને બહારમાં મોટા બંગલાનો સંયોગ હોય તો તેથી આત્માને શું? કોઈ જીવ સમ્યગ્દર્શન વગર ત્યાગી થાય ને વ્રત અંગીકાર કરે, પણ તેથી શું? સમ્યગ્દર્શન વગર તેને ધર્મ નથી. (ક્રમશઃ)

**સ્થૂલ વસ્ત્રથી જે રીતે સ્થૂલ ગણે ન શરીર,**
**પુષ્ટ દેહથી જ્ઞાનીજન પુષ્ટ ન માને જીવ. ૬૩.** **–શ્રી સમાધિતંત્ર**

## આત્માની ખરી ખટક હોય તો.....

### (વીતરાગી સંતોનો મોટો ઉપકાર)

કોઈ કહે કે આત્મા સમજવા માટે અમને નિવૃત્તિ નથી મળતી,—તો તેને કહે છે કે ભાઈ, તારી વાત જૂઠી છે, તને આત્માની ખરી રુચિ નથી એટલે તું બહાના કાઢે છે. તને વિકથાનો તો વખત મળે છે. ઊંઘવાનો ને ખાવાનો વખત તો મળે છે ! ને આત્માના વિચાર માટે વખત નથી મળતો ? આત્માની ખરી ખટક હોય તો તેને માટે બીજાનો રસ છોડીને વખત કાઢ્યા વગર રહે જ નહીં. ભાઈ ! આવા અવસર ફરી ફરી નથી મળતા. આત્માનો જેવો સ્વભાવ છે તેવો સમજીને શ્રદ્ધા કરવી, તેનો રસ કરવો તેમાં જ સુખ છે, બાકી તો સંસારના બાહ્ય ભાવોમાં દુઃખ દુઃખ ને દુઃખ જ છે. અહા, જે આત્મસ્વભાવની પ્રેમથી વાત કરતાં પણ આનંદ આવે તેના સાક્ષાત્ અનુભવના આનંદની શી વાત ! માટે હે જીવ ! દુઃખથી છૂટવા ને આનંદિત થવા તું આત્મામાં 'હું શુદ્ધ ચિદાનંદ છું'—એવી શ્રદ્ધાના સંસ્કાર પાડ. જેણે સાચી શ્રદ્ધા કરી તેણે આત્મામાં મોક્ષના મંગલ સ્થંભ રોપ્યા. સમ્યગ્દર્શન કર્યું તે અલ્પકાળમાં મોક્ષપુરીનો નાથ થશે.

કહેવાય છે કે 'દૃષ્ટિએ દોલત પ્રગટે'—કઈ દૃષ્ટિ ? શુદ્ધ આત્માને દેખનારી દૃષ્ટિ, તેના વડે કેવળજ્ઞાનાદિ અનંતગુણની દોલત પ્રગટે છે. અરે, રુચિના અભાવે પોતાને પોતાનો સ્વભાવ જ કઠણ લાગે છે, ને બાહ્ય વિષયોની રુચિ છે એટલે તે સહેલું લાગે છે.—એ તો જીવની રુચિનો જ દોષ છે. રુચિ કરે તો આત્માની સમજણ સુગમ છે આ કાળે સ્વરૂપનો અનુભવ કઠણ છે—એમ કહીને જે તેની રુચિ છોડી દે છે તે બહિરાત્મા છે. જેને જેની રુચિ અને જરૂરીયાત લાગે તેની પ્રાપ્તિમાં તેનો પ્રયત્ન વળે જ. જેને આત્માની રુચિ ખરેખર હોય તેનો પ્રયત્ન આત્મા તરફ વળે જ. બાકી રુચિ કરે નહિ, જ્ઞાન કરે નહિ અને રાગને ધર્મનું નામ આપી દે તેથી તે રાગ કાંઈ ધર્મ ન થઈ જાય. કડવા કરિયાતાને કોઈ 'સાકર' નામ આપીને ખાય તોપણ તે કડવું જ લાગે તેમ રાગને કોઈ ધર્મ માને તોપણ તે રાગનું ફળ તો સંસાર જ આવે, તેનાથી કાંઈ મોક્ષ ન થાય. જેવો પુરુષાર્થ કરે તેવું કાર્ય પ્રગટે. સ્વભાવનો પુરુષાર્થ કરતાં સમ્યગ્દર્શનાદિ સ્વભાવકાર્ય પ્રગટે; અને રાગનો પુરુષાર્થ કરતાં પુણ્ય-પાપ થાય પણ ધર્મ ન થાય. પુરુષાર્થ કરે રાગનો ને ફળ માગે ધર્મનું,—એ ક્યાંથી મળે ? આત્માનો જેવો સ્વભાવ છે તેવો દૃષ્ટિમાં લઈને તેની સન્મુખ પરિણમે તે જીવને અલ્પકાળમાં મોક્ષપ્રાપ્તિ થશે થશે ને થશે.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—શું આત્માની ઓળખાણ થઈ ત્યાં જ વીતરાગ થઈ ગયા?

ઉત્તર :—શ્રદ્ધા અપેક્ષાએ તે વીતરાગ છે. જ્ઞાનીને અસ્થિરતાના કારણે રાગ-દ્વેષ થાય છે તે જો કે તેમના જ પુરુષાર્થનો દોષ છે, પરંતુ જ્ઞાનીઓ તે રાગને કે પુરુષાર્થના દોષને પોતાના સ્વભાવમાં માનતા નથી, રાગરહિત જ્ઞાનસ્વભાવમાં જ જ્ઞાનીને એકતાબુદ્ધિ છે, રાગમાં એકતાબુદ્ધિ નથી; સ્વભાવમાં એકતાબુદ્ધિથી ખરેખર રાગ તૂટતો જ જાય છે ને સ્વભાવની એકતા વધતી જાય છે, માટે જ્ઞાનીને પરમાર્થે રાગ થતો જ નથી પણ પોતાના સ્વભાવની એકતા જ થાય છે. જે રાગ થાય છે તે સ્વભાવની એકતામાં ન આવ્યો પણ જ્ઞેય તરીકે જ રહી ગયો. રાગ વખતે પણ સ્વભાવની જ અધિકતા છે માટે જ્ઞાનીને એક સ્વભાવ જ થાય છે, રાગ થતો નથી.—આવી ધર્મી જીવની દશા છે.

પ્રશ્ન :—સમ્યગ્દર્શન થયું કે જ્ઞાની જીવને તુરત જ મુનિપદ કેમ થતું નથી?

ઉત્તર :—આત્માર્થી હઠ ન કરે કે મારે ઝટ ઝટ મારું કામ કરવું છે. સ્વભાવમાં હઠ કામ ન આવે. માર્ગ સહજ છે, હઠથી, ઉતાવળથી, અધીરજથી માર્ગ હાથ આવતો નથી. સહજ માર્ગને પહોંચવા માટે ધીરજ ને વિવેક જોઈએ. ઋષભદેવ ભગવાન જેવાને ૮૩ લાખ પૂર્વ સુધી ચારિત્રદશા ન હતી. અને ભરત ચક્રી જેવા પણ ૭૭ લાખ પૂર્વ રાજ્ય પદે ને ૬ લાખ પૂર્વ ચક્રી પદે હતા. એ જાણતા હતા કે અંદર સ્વરૂપમાં ડુબકીરૂપ એકાગ્રતાનો-ચારિત્રનો પુરુષાર્થ નથી તેથી હઠ કરતા ન હતા. કેટલાકને એમ થાય કે સમ્યગ્દર્શન થયું પણ ચારિત્ર લ્યે નહિ તો શું કામનું? પણ ભાઈ! અંદર સ્વભાવમાં હઠ કામ ન આવે, સહજ પુરુષાર્થથી અંદર જવાય છે. આ વાત સમજવા જેવી છે.

પ્રશ્ન :—સમ્યગ્દર્શન થયા પછી તો સાધુ સંન્યાસી થવું પડે ને?

ઉત્તર :—સમ્યગ્દર્શન તો પહેલા કરે! પછી સાધુ કેમ થવાય એની બધી ખબર

જીર્ણ વસ્ત્રથી જે રીતે જીર્ણ ગણે ન શરીર,
જીર્ણ દેહથી જ્ઞાનીજન જીર્ણ ન માને જીવ. ૬૪. —શ્રી સમાધિતંત્ર

પડે! સમ્યગ્દર્શન પછી અંદરમાં આનંદની ભરતી આવે છે, અતીન્દ્રિય આનંદની ભરતી આવે છે. જેમ સમુદ્રમાં પાણીની ભરતી આવે છે તેમ મુનિદશામાં અંદર આનંદની ભરતી આવે છે તેને મુનિદશા કહે છે.

પ્રશ્ન :—મુનિ તો કહે છે કે અમે ભવના ભયથી ડરીએ છીએ?

ઉત્તર :—એ તો ચાર ગતિના ભવનો ભય લાગ્યો છે એટલે એ ભવના કારણરૂપ ભાવથી ડરીને ભવ રહિત ભગવાનની અંતર્મુખ જઈએ છીએ તેમ કહે છે. તેમને આલોક આદિ બાહ્ય સામગ્રીનો ભય હોતો નથી.

પ્રશ્ન :—ચોથા ગુણસ્થાનવાળા સમ્યગ્દષ્ટિને તો ભય થતો દેખાય છે ને તેનો ઉપાય પણ કરે છે ને?

ઉત્તર :—સમ્યગ્દષ્ટિ અંતરમાં તો નિર્ભય જ છે, બાહ્યમાં ભયપ્રકૃતિમાં જોડાવાથી અસ્થિરતાનો જરી ભય દેખાય છે તોપણ અંતર સ્વરૂપમાં તો નિર્ભય જ છે, તેથી તે આલોક પરલોક આદિ સાતે પ્રકારના ભયથી રહિત નિર્ભય છે.

પ્રશ્ન :—સીતાજી તથા અંજનાજીને જંગલમાં છોડતા ભયથી રડતાં હતા ને?

ઉત્તર :—એ તો પતિનો આધાર છૂટતાં અસ્થિરતાથી જરી બાહ્યમાં રૂદન દેખાય છે છતાં અંદરમાં પોતાનો આધાર પોતાનો ચૈતન્યસ્વભાવ જ છે તેમ જાણી રૂદન આદિ ભયના ભાવના કર્તા ન હતા પણ નિર્ભય ને જ્ઞાતા જ હતા. પ્લેગ આદિ કોઈ આકરા રોગનો ગામમાં પ્રસંગ હોય તો જરી અસ્થિરતાનો ભય થતાં સમ્યગ્દષ્ટિ ગામ છોડી બીજે ચાલ્યા જવા આદિનો ઉપાય કરતા દેખાય છે. પરંતુ તે અંદરમાં સ્વભાવદષ્ટિના જોરની મુખ્યતાથી નિર્ભય છે ને સાથે જ્ઞાન છે તે પર્યાયના રાગના કણ કણને જેમ છે તેમ જાણે છે તેને અનેકાન્તનું સાચું જ્ઞાન કહે છે.

પ્રશ્ન :—જ્ઞાની પણ યુદ્ધમાં શત્રુ આદિને મારતો દેખાય છે?

ઉત્તર :—રામ-લક્ષ્મણ બળદેવ-વાસુદેવ છે, રાવણ પ્રતિવાસુદેવ છે તેને લક્ષ્મણ મારે છે ને પછી રાવણને બાળવા સાથે જાય છે. રાવણની સ્ત્રીને કહે છે કે હે માતા! અમે વાસુદેવ—બળદેવ છીએ, શું થાય! બીજો કોઈ ઉપાય ન હતો, હોનહાર થયા વિના રહેતું નથી, માતા! અમને ક્ષમા કરજે. રાગ-દ્વેષની પ્રવૃત્તિ થઈ પણ તેનો અંદરમાં ખેદ છે. અરે! આ અમારા કામ નહિ, અમે તો અંદરમાં રમનારા રામ છીએ. ✻

**વસ્ત્રનાશથી જે રીતે નષ્ટ ગણે ન શરીર,**
**દેહનાશથી જ્ઞાનીજન નષ્ટ ન માને જીવ. ૬૫.** **–શ્રી સમાધિતંત્ર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—સ્વભાવ અપેક્ષાએ હું ક્ષયોપશમ જ્ઞાનથી ભિન્ન છું એમ લેવાય?

સમાધાન :—હા, સ્વભાવ અપેક્ષાએ ક્ષયોપશમ જ્ઞાનથી ભિન્ન છું. ક્ષયોપશમ જ્ઞાન કર્મના નિમિત્તની અપેક્ષા રાખે છે, માટે તેવી અપેક્ષા પણ મારામાં નથી. હું તો જ્ઞાયક તે જ્ઞાયક છું.

પ્રશ્ન :—શુદ્ધ છું અને અશુદ્ધ પણ છું એવા વિરુદ્ધભાવ એક જ સમયમાં બંને સાથે રહે?

સમાધાન :—હા, સાથે રહે છે. એક જ સમયે બંને પ્રકારના ભાવ, વિચારીએ તો વિરોધી લાગે છતાં, સાથે રહે છે. એક દ્રવ્ય અપેક્ષાએ અને એક પર્યાય અપેક્ષાએ— એમ બંને ભાવ સાથે રહે છે. એવું આશ્ચર્યકારી અચિંત્ય દ્રવ્ય છે. એકતા–અનેકતા, શુદ્ધતા–અશુદ્ધતા આદિ બધા ભાવ સાથે રહે છે. પર્યાય અપેક્ષાએ અશુદ્ધતા છે, શક્તિ અપેક્ષાએ શુદ્ધતા છે. અશુદ્ધતા મૂળ વસ્તુને હાનિ નથી પહોંચાડતી, તેના વેદનમાં અશુદ્ધતા વેદાય છે.

પ્રશ્ન :—રાગના કર્તાપણાની બુદ્ધિ મટાડવાનું તેમ જ રાગ-દ્વેષ ન કરવા તે બે વાત જ્ઞાનમાં બેસી જાય છે; પણ શુદ્ધાત્માના આલંબન લેવાની વાતનો તો ભાવ જ સમજાતો નથી. તો પ્રયોગ કેમ કરવો?

સમાધાન :—શુદ્ધાત્માનો આશ્રય લીધા વગર કર્તાપણું સાચું છૂટતું નથી. જે અકર્તાનો–શુદ્ધાત્માનો આશ્રય લે તે અકર્તારૂપે–જ્ઞાયકરૂપે–પરિણમે અને ત્યારે તેને સાચું અકર્તાપણું આવે છે. તેને એમ થાય કે આ પરદ્રવ્યનો હું કર્તા નથી, રાગનું કર્તાપણું છોડું, પણ કર્તાપણું તેને છૂટતું નથી. જ્ઞાયકનો આશ્રય લે ને અકર્તારૂપે પરિણમે તો જ કર્તાપણું છૂટે છે. પરદ્રવ્યનું અને રાગનું કર્તાપણું છોડવાનું તો સહેલું છે એમ તેને બુદ્ધિમાં લાગે, એમ વિચારમાં આવ્યા કરે કે હું પરદ્રવ્યનો કે રાગનો કર્તા નથી, પણ તે વિચારમાં જ રહે છે, ને તેને રાગનું કર્તાપણું સાચું છૂટતું નથી. શુદ્ધાત્માના આલંબન

> રક્ત વસ્ત્રથી જે રીતે રક્ત ગણે ન શરીર,
> રક્ત દેહથી જ્ઞાનીજન રક્ત ન માને જીવ. ૬૬. –શ્રી સમાધિતંત્ર

વગર સાચું અકર્તાપણું આવતું નથી. શુદ્ધાત્મા પોતે છે, તેને ગોતવા જવો પડે તેમ નથી. રાગની પર્યાયનું વેદન થાય છે એટલે તેને પકડાય કે આ રાગની પર્યાય છે અને બુદ્ધિમાં માને કે આનું હું કર્તાપણું માની રહ્યો છું; પણ જે જ્ઞાનસ્વભાવી શુદ્ધાત્મા પોતે જ છે તેને પકડી શકતો નથી. રાગ અને જ્ઞાન બંને સાથે થાય છે, તેમાં રાગને પકડે છે, પણ તેની સાથે રહેલા જ્ઞાનને પકડતો નથી. પોતે જ્ઞાન છે–પોતે શુદ્ધાત્મા, જ્ઞાનસ્વરૂપે જ છે, છતાં પોતાને છોડીને બધું ગ્રહણ કરવા જાય છે. રાગ સાથે જ્ઞાન હોય છે તેને છૂટું પાડી શકતો નથી, કે આ જ્ઞાન છે અને આ રાગ છે. તે કરવું સહેલું છે, પણ અનાદિની રાગ સાથે એકત્વબુદ્ધિ કરી છે, એટલે રાગથી છૂટું પડવું મુશ્કેલ પડે છે. પોતે જ છે, તેને ગોતવા જવું પડે તેમ નથી. જ્ઞાન છે તે જ જ્ઞાયક છે. તે જ્ઞાન ક્યાંથી ઉત્પન્ન થયેલું છે? તે જ્ઞાયકનું જ્ઞાન છે. જ્ઞાનલક્ષણદ્વારા આખા જ્ઞાયકને ગ્રહણ કર, શુદ્ધાત્માને ગ્રહણ કર. જેમ કૂતરાને એમ થાય કે હું ગાડું ચલાવું છું, તેમ બીજાનાં કાર્યો જાણે હું કરું છું તેમ સ્થૂલ રીતે પકડાય છે. તેનાથી રાગ સૂક્ષ્મ છે, છતાં રાગ વેદાય એટલે તેને પકડે છે. પણ જ્ઞાન તેને દેખાતું નથી. ખરેખર જ્ઞાન દેખાય તેવું જ છે. જે જાણી રહ્યો છે તે તું જ છો. રાગનું વેદન થાય તે વેદનને જાણનારો કોણ છે? માટે, તે પોતે જણાય એવો છે, પણ તેને જાણતો નથી, રાગથી સૂક્ષ્મ જ્ઞાન છે તેથી પકડવું મુશ્કેલ પડે છે, પણ સહેલું છે. સૂક્ષ્મ થઈને પોતાને ગ્રહણ કરે તો પકડાય.

પ્રશ્ન :—તો એવો કયો પુરુષાર્થ કરવો?

સમાધાન :—પોતાને એટલી અંદરથી જ્ઞાયકની ભાવના, જિજ્ઞાસા, લગની, રુચિ લાગે તો સૂક્ષ્મ થઈને પોતાને ગ્રહણ કરે. તે ગ્રહણ ક્યારે કરે? કે પોતાની મહિમા આવે, પોતાની લગની લાગે, આ બધું જણાય છે તો હું મને કેમ નથી જાણતો? એમ પુરુષાર્થ કરે, જ્ઞાન કરે, વારંવાર તત્ત્વના—ચૈતન્યને પકડવાના—વિચાર કરે તો ગ્રહણ થાય. લગની લગાડવી જોઈએ, દિવસ અને રાત તેની લગની લગાડે તો થાય. પણ ઉપયોગ અનાદિનો સ્થૂલ થઈ ગયો છે તેથી તેને પોતા તરફ વળતાં મુશ્કેલ પડે છે.

પ્રશ્ન :—શરીર, રાગ તથા જ્ઞાનસ્વરૂપી આત્મા એવા એકમેક લાગે છે કે તેને જુદા પાડવામાં મુશ્કેલી પડે છે?

સમાધાન :—જાણનારો પોતે હોવા છતાં પણ ગ્રહણ કરવો મુશ્કેલ પડે છે.


(જુઓ અનુસંધાન પેજ નં. ૧૫ ઉપર)

**સક્રિય જગ જેને દીસે જડ અક્રિય અણભોગ,**
**તે જ લહે છે પ્રશમને, અન્યે નહિ તદ્યોગ. ૬૭.** **–શ્રી સમાધિતંત્ર**


## બાળ વિભાગ

# ભગવાન દેશભૂષણ અને કૂલભૂષણ

### (મોક્ષગામી બે રાજકુમારો..... તેમનું સાચું કુટુંબ)



ત્યાં તો મધરાતે તે દુષ્ટદેવ ફરીને આવ્યો, ને મુનિઓ ઉપર ઉપદ્રવ કરવા લાગ્યો; ભયાનક રૂપ ધારણ કરીને રાક્ષસ અને ભૂતના ટોળાં નાચવા લાગ્યાં. વિચિત્ર અવાજ કરી કરીને શરીરમાંથી અગ્નિના ભડકા કાઢવા લાગ્યા....હાથમાં તલવાર–ભાલા લઈને બીવડાવવા લાગ્યા; તેમના તોફાનથી પર્વતની શિલાઓ કંપવા લાગી. જાણે મોટો ધરતીકંપ થયો. બહારમાં આ બધું બની રહ્યું છે ત્યારે બંને મુનિઓ તો અંદર શુક્લધ્યાનમાં મગ્ન થઈને, આત્માના આનંદને અનુભવી રહ્યા છે, બહારમાં શું થઈ રહ્યું છે તેનું તેમને લક્ષ નથી. સીતા આ દૃશ્ય દેખીને ભયભીત થઈ. ત્યારે રામે કહ્યું–દેવી તું ભય ન કર. તું આ મુનિઓના ચરણમાં બેસી રહે. ત્યાં અમે આ દુષ્ટ અસુરને ભગાડીને આવીએ છીએ.–એમ કહી સીતાને મુનિના ચરણ–સમીપ રાખીને રામ-લક્ષ્મણે દુષ્ટ અસુરદેવને પડકાર કર્યો. રામે ધનુષનો એવો ટંકાર કર્યો કે જાણે વજ્રપાત થયો. લક્ષ્મણ પણ સિંહગર્જના કરીને અગ્નિપ્રભની પાછળ દોડ્યો. અગ્નિપ્રભદેવ સમજી ગયો કે આ કોઈ સાધારણ માણસો નથી પણ મહાપ્રતાપી બળદેવ ને વાસુદેવ છે; તેમનો દિવ્ય પુણ્યપ્રભાવ દેખીને તે અગ્નિપ્રભદેવ ભાગી ગયો ને તેની બધી માયા સંકેલાઈ ગઈ, ઉપસર્ગ દૂર થયો.



ઉપસર્ગ દૂર થતાં જ, ધ્યાનમાં લીન દેશભૂષણ-કુલભૂષણ મુનિઓને કેવળજ્ઞાન થયું.... તે કેવળજ્ઞાનનો ઉત્સવ ઉજવવા કેટલાય દેવો આવ્યા. ચારેકોર મંગલનાદ થવા લાગ્યા. રાત્રિ પણ દિવ્ય પ્રકાશથી ઝગમગી ઊઠી. કેવળજ્ઞાનના પ્રતાપે ત્યાં રાત્રિ-દિવસનો ભેદ ન રહ્યો. અહા, પોતાની હાજરીમાં જ એ મુનિ ભગવંતોને કેવળજ્ઞાન થતું દેખીને રામ-લક્ષ્મણ-સીતાને તો આનંદનો પાર ન રહ્યો. હર્ષિત થઈને તેમણે તે સર્વજ્ઞભગવાનની પરમ સ્તુતિ કરી. દિવ્યધ્વનિ દ્વારા ભગવાનનો ઉપદેશ સાંભળ્યો. અહા, પ્રભુના શ્રીમુખથી ચૈતન્યતત્ત્વનો કોઈ પરમ અદ્‌ભુત ગંભીર મહિમા સાંભળતાં તેમને મહાઆનંદ થયો. દેશભૂષણ-કુલભૂષણના પિતા—જે મરીને ગરુડેન્દ્ર થયા હતા તે કેવળીભગવાનના દર્શન કરવા આવી પહોંચ્યા. રામ-લક્ષ્મણ ઉપર તેઓ પ્રસન્ન થયા ને આદરપૂર્વક કહ્યું : આ બંને મુનિઓ મારા પૂર્વભવના પુત્રો છે, તમે તેમની ભક્તિ કરી ઉપસર્ગ દૂર કર્યો તે દેખીને હું ઘણો પ્રસન્ન થયો છું. માટે તમે જે માંગો તે હું આપું ! ત્યારે રામે કહ્યું—કોઈવાર અમારા ઉપર સંકટ આવે તો તે વખતે અમારી સંભાળ લેજો.—તે વચન પ્રમાણ કરીને ગરુડેન્દ્રે કહ્યું—ભલે, હું તમારી પાસે જ છું.

કેવળીભગવાનની વાણી સાંભળીને અનેક જીવો ધર્મ પામ્યા. રાજા અને પ્રજાજનો નગરીમાં પાછા ફર્યા, ને આનંદ ઉત્સવ કર્યો. કેવળજ્ઞાનના પ્રતાપે સર્વત્ર આનંદ—મંગળ છવાઈ ગયા. ભગવાનની વાણીમાં એમ આવ્યું કે આ રામચંદ્રજી આ જ ભવે મોક્ષ પામશે.

‘શ્રી રામચંદ્ર-બળભદ્ર તદ્‌ભવ મોક્ષગામી છે’ એમ કેવળીપ્રભુની વાણીમાં

સાંભળીને લોકોએ તેમનું ઘણું સન્માન કર્યું. મુનિવરોને કેવળજ્ઞાન ઉત્પન્ન થવાથી તે ભૂમિને મહાતીર્થરૂપ સમજીને રામ-લક્ષ્મણ-સીતા કેટલાક દિવસ ત્યાં જ રહ્યા, ને મહાન ઉત્સવપૂર્વક પર્વત પર અનેક ભવ્ય મંદિરો કરાવીને, અદ્‌ભુત જિનભક્તિ કરી, ત્યારથી આ વંશસ્થ પર્વતને લોકો 'રામગિરિ' કહેવા લાગ્યા. આજે પણ મધ્યપ્રદેશમાં તે 'રામટેકતીર્થ' તરીકે પ્રસિદ્ધ છે. (સં. ૨૦૧૫માં અનેક ભક્તિ સહિત પૂજ્ય શ્રી કાનજીસ્વામીએ તે રામટેક તીર્થની પણ યાત્રા કરી હતી.)

ગગનવિહારી દેશભૂષણ-કુલભૂષણ કેવળીભગવંતો દિવ્યધ્વનિ વડે દેશોદેશના ભવ્યજીવોને ધર્મનો પ્રતિબોધ કરતા કરતા અયોધ્યાનગરીમાં પધાર્યા, ત્યારે ફરીને તે કેવળીભગવંતોના દર્શન કરતાં રામ-લક્ષ્મણ-સીતાને તેમજ ભરત, કૈકેયી વગેરેને ઘણો હર્ષ થયો. તેમનો ધર્મોપદેશ સાંભળીને ભરતે દીક્ષા લીધી ને હાથીએ શ્રાવકના વ્રત અંગીકાર કર્યા. પછી વિહાર કરતાં કરતાં તે બંને ભગવંતો કુંથલગિરિ પધાર્યા ને ત્યાંથી મોક્ષ પામીને સિદ્ધાલયમાં બિરાજે છે. બંને ભાઈઓ સંસારમાં અનેક ભવમાં સાથે રહ્યા ને અત્યારે મોક્ષમાં પણ સાથે જ બિરાજે છે. તે ભગવંતોને નમસ્કાર હો. (ક્રમશઃ) ❊

## બાળકો માટેના આપેલ પ્રશ્ન નવેમ્બર – ૨૦૧૮ના ઉત્તર

(૧) દેવ
(૨) સોનગઢ
(૩) હનુમાન
(૪) સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર
(૫) જેઠાલાલભાઈ
(૬) પાંચ
(૭) મહાવીર
(૮) અતિવીર, વર્ધમાન
(૯) વાંકાનેર
(૧૦) ગુણાવા
(૧૧) સુવર્ણપુરી
(૧૨) સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ
(૧૩) ફતેહમંદકુમાર
(૧૪) સમયસાર
(૧૫) ૐ સહજ ચિદાનંદ
(૧૬) શ્રીપૃથ્વીષેણા, શ્રીસુપ્રતિષ્ઠિ
(૧૭) શાંતિનાથ
(૧૮) શ્રેયાંસનાથ
(૧૯) નિલાંજના
(૨૦) ગિરનાર

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૭-૪૫ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૭મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ | : | પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

### * ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય 'આચાર્યપદવી દિન' સમારોહ *

શ્રી કુંદકુંદાચાર્યદેવના 'આચાર્યપદવી દિન'નો ઉત્સવ માગશર વદ ૮, તા. ૨૯-૧૨-૨૦૧૮ શનિવારના રોજ ભગવાન કુંદકુંદાચાર્યદેવના વિશેષ પૂજન-ભક્તિના કાર્યક્રમ સાથે ઉજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :–

બાબરા નિવાસી (હાલ અમદાવાદ) લલિતભાઈ નરભેરામભાઈ અજમેરાનું દેહ પરિવર્તન તા. ૨૦-૪-૨૦૧૮ના રોજ અમદાવાદ મુકામે થયેલ છે.

સોનગઢ નિવાસી (હાલ નાગપુર) ગુણવંતીબેન ભૂપેન્દ્રભાઈ શાહ (ઉ.વ. ૭૯) તા. ૧૨-૭-૨૦૧૮ના રોજ દેહ પરિવર્તન કરેલ છે.

બોટાદ નિવાસી (હાલ દાદર, વિલેપાર્લે, સોનગઢ) શ્રીમતી ધનલક્ષ્મીબેન પ્રાણલાલ કામદાર (—તેઓએ સ્વ. પ્રાણલાલ પુરુષોત્તમદાસ કામદારના ધર્મપત્ની) (ઉ.વ. ૮૬)નું દેહ પરિવર્તન તા. ૨૯-૧૦-૨૦૧૮ના રોજ ધર્મધ્યાનપૂર્વક થયેલ છે. તેઓશ્રીને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે અનન્ય ભક્તિભાવ હતો. તેઓ છેલ્લા ૩૦ વર્ષથી સોનગઢ રહી આખો દિવસ ધર્મધ્યાનમાં વ્યતીત કરતા હતા.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## (૬૫)

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા ભરો)

(૧) ........... ઉપર દૃષ્ટિ કરતા નિર્મળ પર્યાય પ્રગટે છે. (પર્યાય, ધ્રુવ, ગુણ)

(૨) ............. માં નિગોદના જીવ હોતા નથી. (સિદ્ધશિલા, ભોગભૂમિ, અલોકાકાશ)

(૩) 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ માર્ગ છે અને નિર્વાણ તે માર્ગફળ છે.' આ કથન ................ શાસ્ત્રની બીજી ગાથામાં કરવામાં આવેલ છે. (યોગસાર, નિયમસાર, સમયસાર)

(૪) પુદ્ગલનો શુદ્ધ પરમાણુ અતિશીઘ્ર ગમન કરી .......... સમયમાં ચૌદ રાજૂ ગમન કરે છે. (એક, ત્રણ, બે)

(૫) છ કાયનાં જીવો ............. ગુણસ્થાને હોય છે. (પ્રથમ, ૧ થી ૩, ૧ થી ૧૪)

(૬) આત્મામાં રાગદ્વેષરૂપ મલિનતા ............ માં હોય છે. (સ્વભાવ, શક્તિ, પર્યાય)

(૭) સમયસારમાં ગાથા-૭૫માં જ્ઞાનીની વ્યાખ્યા આપતા કહ્યું છે કે "જે કર્મ અને નોકર્મના પરિણામનો ................ છે, પણ કર્તા નથી તે જ્ઞાની છે." (જ્ઞાતા, ભોક્તા, વેદનાર)

(૮) એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોને નિયમથી ........... જન્મ થાય છે. (ઉપપાદ, ગર્ભ, સમ્મૂર્ચ્છન)

(૯) કોઈ મનુષ્ય જન્મથી જ આંધળો અને કાને બહેરો હોય તો તેને ........... જીવ કહેવાય. (પાંચ ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, બે ઇન્દ્રિય)

(૧૦) પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃત બોલ-૯૨માં આવે છે કે "જેને ............ નો થાક લાગ્યો હોય, જેને આત્મા કેવો છે તે સમજવાની સાચી જિજ્ઞાસા અંતરમાં જાગી હોય, તેને સાચા ગુરુ મળે જ." (દુઃખ, પાપ, ભવ)

(૧૧) પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત બોલ-૧૮૨માં આવે છે કે "હું આ જ્ઞાયક છું, અનંતી વિભૂતિથી ભરેલું તત્ત્વ છું, એમ અંદરથી ...........કરે તો તેના બળથી નિર્વિકલ્પતા થાય." (જ્ઞાન, ભેદજ્ઞાન, વિચાર)

(૧૨) એકત્વવિતર્ક શુક્લધ્યાન ............ગુણસ્થાને હોય છે. (૮ થી ૧૧, ૧૩, ૧૨)

(૧૩) સત્તા, સત્ત્વ, સત અને અન્વય એ ........... ના પર્યાયવાચક શબ્દ છે. (દ્રવ્ય, ગુણ, પર્યાય)

(૧૪) ઈષ્ટોપદેશ શાસ્ત્રના શ્લોક-૭માં કહ્યું છે કે "............... થી આચ્છાદિત જ્ઞાન પોતાના સ્વભાવને પ્રાપ્ત થતું નથી." (જ્ઞાનાવરણીય કર્મ, કષાય, મોહ)

(૧૫) અષ્ટ મૂળગુણોનું પાલન કરવાથી પુરુરવા ભીલ મરીને દેવ થઈ પછીથી ........... ભગવાન થયા. (પાર્શ્વનાથ, મહાવીર, શાંતિનાથ)

(૧૬) ............. ગુણસ્થાનમાં માત્ર ક્ષાયિક સમ્યક્ત્વ હોય છે. (૮ થી ૧૧, ૧૧ થી ૧૪, ૧૨ થી ૧૪)

(૧૭) એક પદાર્થમાં રહેનારા અનંતગુણોની સત્તા .......... છે.(અસંખ્યાતા, એક, અનંત)

(૧૮) ............... એ સમયપ્રાભૃત છે. (નિયમસાર, પ્રવચનસાર, સમયસાર)

(૧૯) સતને એક સમયમાં જ ઉત્પાદ આદિ ત્રણે હોય છે, તે ............. દૃષ્ટિથી હોય છે. (પર્યાય, ગુણ, દ્રવ્ય)

(૨૦) દાન સંબંધી દાતાના સાત ગુણોમાં "દાન આપતા ગુસ્સા રહિત શાંત પરિણામ હોવા તેને ............. કહે છે." (મુદિત, નિષ્કટતા, ક્ષાંતિ)

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન નવેમ્બર–૨૦૧૮ના ઉત્તર

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | સ્વાધ્યાય | (૯) | ૬ થી ૧૨ | (૧૭) | સંકલ્પી |
| (૨) | તત્ત્વાર્થસૂત્ર | (૧૦) | અહમિન્દ્ર | (૧૮) | પ્રથમ |
| (૩) | પૂજ્યપાદ | (૧૧) | પરમાત્મા | (૧૯) | દ્રવ્ય |
| (૪) | સમ્યગ્દર્શન | (૧૨) | આત્માનુભવ | (૨૦) | અલ્પજ્ઞતા |
| (૫) | જ્ઞેયો | (૧૩) | ત્રણ | | |
| (૬) | સમયસાર | (૧૪) | પ્રયોજન | | |
| (૭) | આર્ત | (૧૫) | સંસાર | | |
| (૮) | બંધમાર્ગ | (૧૬) | ક્ષોભ | | |

## (૬૫)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(૧) પરમ પૂજ્ય કાનજીસ્વામીની માતાનું નામ ..................... હતું.

(૨) રાત્રિભોજનમાં અસંખ્ય ............ જીવોની હિંસા થાય છે.

(૩) પૂજ્ય બહેનશ્રીને................ વર્ષની ઉંમરે સમ્યગ્દર્શન.............. ગામે થયું હતું.

(૪) સોનગઢથી ૨૫ કિલોમીટર દૂર .................... સિદ્ધક્ષેત્ર છે.

(૫) પરમ પૂજ્ય શ્રી કાનજીસ્વામી .................... ખંડમાં તીર્થંકર થવાના છે.

(૬) પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને .................. વર્ષનું જાતિસ્મરણ હતું.

(૭) સમવસરણમાં દર્શન કરતા ખડ્ગાસન પ્રતિમા .................... દેવની હોય છે.

(૮) સર્પ ચિહ્ન ...................... ભગવાનનું છે.

(૯) વાનર ચિહ્ન ................. ભગવાનનું છે.

(૧૦) રાવણના હાથીનું નામ ........................ હતું.

(૧૧) મહાવીર ભગવાનના સમવસરણમાં .................. ગણધર આવ્યા બાદ જ વાણી ખરી હતી.

(૧૨) દેશભૂષણ-કુલભૂષણ આદિ મુનિ ................. થી મોક્ષ ગયા છે.

(૧૩) પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના માતાનું નામ .................... હતું.

(૧૪) પૂજ્ય ગુરુદેવશ્રીનાં .............................. આચાર્ય ઉપકારી ગુરુ હતા.

(૧૫) ભક્તામર સ્તોત્ર ....................... આચાર્યે લખેલ છે.

(૧૬) અક્ષય તૃતીયાના દિવસે .................. મુનિને સર્વપ્રથમ આહાર થયો હતો.

(૧૭) પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રીએ પરિવર્તન ................. ગામે કર્યું હતું.

(૧૮) ચંદ્રનાથ ભગવાનું ચિહ્ન ........... છે.

(૧૯) દ્રવ્યલિંગી જીવ ........................... ગ્રૈવેયક સુધી જઈ શકે છે.

(૨૦) ભગવાન ............................. દોષથી રહિત હોય છે.

ૐ

॥ નમઃ શ્રી નેમિનાથ જિનવરાય ॥

॥ નમઃ શ્રી કહાનગુરુદેવાય ॥ ॥ વન્દે ભગવતી માતરમ્ ॥

**શ્રી ઘાટકોપર દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ સાનંદે ઉજવે છે**

# મંગલકારી વેદી પ્રતિષ્ઠા મહોત્સવ

ધર્મપ્રેમી મુમુક્ષુ ભાઈશ્રી/બહેનશ્રી

ભરતક્ષેત્રે વીરશાસનને પુનઃ ચેતનવંતુ કરનાર ધર્મધુરંધર અધ્યાત્મ-યુગસ્રષ્ટા પૂજ્ય શ્રી કહાનગુરુદેવ તેમજ અસાધારણ જ્ઞાનવૈભવધારી ભરતે અજોડ ધર્મરત્ન ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના મંગળ પ્રભાવના યોગે આપણા ઘાટકોપર નગરે શ્રી નેમિનાથ ભગવાન જિનમંદિર મધ્યે ઉત્તરોત્તર ધર્મ પ્રભાવના કરતાં કરતાં સુવર્ણજયંતિ વર્ષ ઉજવે છે. આપ સૌને જણાવતાં આનંદ થાય છે કે વિક્રમ સંવત ૨૦૭૫ના પોષ માસે શુક્લ પક્ષે ૧૩, ૧૪ અને ૧૫, શનિવાર, રવિવાર તેમજ સોમવાર, તા. ૧૯, ૨૦ અને ૨૧ જાન્યુઆરી ૨૦૧૯ના શુભ દિને જિનેન્દ્ર ભગવંતો શ્રી સંજાતક સ્વામી, શ્રી સ્વયંપ્રભ સ્વામી, શ્રી ઋષભાનન સ્વામી, શ્રી ભુજંગમ સ્વામી, શ્રી દેવયશસ્વામી ભગવંતોની મંગળ વેદી પ્રતિષ્ઠાનો તથા ચિત્રપટ અનાવરણનો કાર્યક્રમ આપણા ઘાટકોપર નગરે સુનિશ્ચિત કરેલ છે.

આ વેદી પ્રતિષ્ઠા મહોત્સવ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત બાલબ્રહ્મચારી શ્રી વ્રજલાલભાઈ ગીરધરલાલભાઈ શાહના પ્રતિષ્ઠાચાર્યત્વ હેઠળ સંપન્ન થશે.

ઉપરોક્ત ભગવંતોની પંચકલ્યાણક પ્રતિષ્ઠાવિધિ—ખંડવા શહેરના પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવે થયેલ છે.

જિનધર્મ પ્રભાવનાના તેમજ આત્મકલ્યાણના નિમિત્તભૂત આ મંગળ પ્રસંગે આપ સૌને પધારવા અમારું વાત્સલ્યભાવપૂર્ણ નિમંત્રણ છે.

લિ.

શ્રી ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુમંડળ

પ્રમુખ—જિતેન્દ્ર વ્રજલાલ શાહના જય જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● સ્વપરપ્રકાશનો પુંજ પ્રભુ તો શુદ્ધ જ છે પણ તેને રાગથી ભિન્ન પડીને ઉપાસવામાં આવે તેને તે શુદ્ધ છે. સમસ્ત પરદ્રવ્યથી ભિન્ન પડીને સ્વમાં એકાગ્રતા કરતાં શુદ્ધતા પ્રગટે છે તેને તે શુદ્ધ છે. રાગના વિકલ્પપણે થયો નથી માટે રાગાદિથી ભિન્ન પડીને જ્ઞાયકને સેવવામાં આવતાં પર્યાયમાં શુદ્ધતાનો નમૂનો આવ્યો તેને તે શુદ્ધ છે એમ પ્રતીતિમાં આવે છે. વિકલ્પવાળાને તે શુદ્ધ છે એમ પ્રતીતિમાં આવતો નથી. ૩૩૪.

● જેની જ્ઞાનધારામાં જ્ઞાયકનું જ્ઞાન થયું છે તેને રાગાદિ પરજ્ઞેયનું જ્ઞાન થાય છે તે જ્ઞેયના લઈને થાય એવી પરાધીનતા જ્ઞાનને નથી. શુભાશુભથી ભિન્ન પડીને ચૈતન્યની દૃષ્ટિ થઈ છે તેને જ્ઞાનની પર્યાયમાં સ્વ અને પરનું જ્ઞાન થયું ત્યાં પરજ્ઞેય છે માટે પરસંબંધી જ્ઞાન થયું છે એમ નથી. જ્ઞાનના સ્વપરપ્રકાશકપણાને લઈને જ્ઞાન થયું છે તેથી રાગને-જ્ઞેયને જાણતાં જ્ઞેયકૃત જ્ઞાન છે એમ નથી પણ જ્ઞાનકૃત જ્ઞાન છે. ૩૩૫.

● ઓહો ! આત્મા તો અનંતી વિભૂતિથી ભરેલો, અનંતા ગુણોનો રાશિ, અનંતા ગુણોનો મોટો પર્વત છે. ચારે તરફ ગુણો જ ભરેલા છે. અવગુણ એક પણ નથી. ઓહો ! આ હું ? આવા આત્માના દર્શન માટે જીવે કદી ખરું કુતૂહલ જ કર્યું નથી. ૩૩૬.

● પ્રશ્ન :—આત્માનો મહિમા કેવી રીતે આવે ?


ઉત્તર :—આત્મા વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાયક છે તે અનંતગુણનો પિંડ છે. એ આખું પૂર્ણતત્ત્વ ત્રિકાળી અસ્તિરૂપ છે. એનું સ્વરૂપ એનું સામર્થ્ય અગાધ ને આશ્ચર્યકારી છે. તેને સમજે તો આત્માનો મહિમા મહાત્મ્ય આવે અને રાગનું મહાત્મ્ય છૂટી જાય. આત્મવસ્તુ કેવા અસ્તિત્વવાળી છે, કેવા સામર્થ્યવાળી છે, એનું સ્વરૂપ રુચિપૂર્વક ખ્યાલમાં લ્યે તો એનું મહાત્મ્ય આવે ને રાગનું અલ્પજ્ઞતાનું મહાત્મ્ય છૂટી જાય. એક સમયની કેવળજ્ઞાનની પર્યાય ત્રણકાળ ત્રણલોકને જાણવાના સામર્થ્યવાળી છે તે પણ ક્ષણે ક્ષણે નવી નવી થાય છે તો તેને ધરનાર ત્રિકાળી દ્રવ્યનું સામર્થ્ય કેટલું ? એમ આત્માના આશ્ચર્યકારી સ્વભાવને ખ્યાલમાં બરાબર લ્યે તો આત્માની મહિમા આવે. ૩૩૭.

✻

આત્મધર્મ
ડિસેમ્બર-૨૦૧૮
અંક-૪ ● વર્ષ-૧૩

Posted at Songadh PO
Publish on 1-12-2018
Posted on 1-12-2018

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org